RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 157* Date: 28.03.2023, Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

NEWS OF GANDHINAGAR_P-1

# રાહુલના સમર્થનમાં વિપક્ષ એકજૂટ

**કોંગ્રેસી દિગ્ગજો સાથે તૃણમૂલના સાંસદો પણ કાળા કપડાં પહેરીને આવ્યા રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી સ્થગિત, ગાંધી પ્રતિમા પાસે વિપક્ષી નેતાઓનું વિરોધ પ્રદર્શન**




નવીદિલ્હી,તા.૨૭

આજે સાંસદોના વિરોધ વચ્ચે, સંસદના બંને ગૃહો કાર્યવાહી શરૂ થયાની સાથે જ હોબાળા વચ્ચે ઘેરાઈ ગયા હતા. રાજ્યસભાની કાર્યવાહી પહેલા બપોરે ૨ વાગ્યા સુધી અને લોકસભાની કાર્યવાહી પહેલા ૪ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા બાદ આખા દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. વિપક્ષના સાંસદો અદાણી ગ્રુપના મુદ્દા અને રાહુલ ગાંધીને દોષિત જાહેર કરવા મુદ્દે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.લોકસભાના અધ્યક્ષે તમામ સભ્યોને શાંતિ બનાવી રાખવાની અપીલ કરી હતી પરંતુ વિરોધ પક્ષોના સભ્યોએ તેમની અપીલ કાને ધરી ન હતી અને સુત્રોચ્ચાર ચાલુ રાખતા લોકસભા અને રાજયસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી.

અદાણી જૂથના મુદ્દે વિપક્ષી સાંસદોએ કાળા કપડા પહેરીને સંસદમાં ગાંધી પ્રતિમા પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધી પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. તેલંગાણામાં કોંગ્રેસના હરીફ કે.ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની ભારત રાષ્ટ્ર સમિતિ, તૃણમૂલના સાંસદો અને શિવસેનાએ પણ કાળા કપડા પહેરી વિરોધમાં જોડાયા હતા. કોંગ્રેસના સાંસદ રંજીત રંજને કહ્યું કે, લોકશાહીનો અવાજ દબાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. તમે લોકસભામાંથી વિપક્ષના અવાજને દબાવી રહ્યા છો. વિપક્ષ કૌભાંડની વાત શું કામ ન કરે. આ સરકારને રાજાશાહી જોઈએ છે. સરકાર આજે વિપક્ષથી ડરી ગઈ છે.

રાહુલને સંસદમાંથી ગેરલાયક ઠેરવવાના વિરોધમાં કોંગ્રેસના સાંસદો આજે કાળાં કપડાં પહેરીને સંસદ પહોંચ્યા હતા. સોનિયા ગાંધી પણ કાળાં કપડાં પહેરીને પહોંચ્યાં હતાં. લોકસભામાં કોંગ્રેસના સાંસદોએ સ્પીકર ઓમ બિરલાના ચહેરા સામે કાળું કપડું લહેરાવ્યું હતું, ત્યારબાદ તેઓ ઊભા થઈને ચાલ્યા ગયા હતા. સંસદ સત્રની શરૂઆત પહેલાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સંસદમાં તેમની ચેમ્બરમાં વિરોધ પક્ષોના નેતાઓની બેઠક યોજી હતી. આ બેઠકમાં કોંગ્રેસ, ડીએમકે સપા જદયુ બીઆરએસ સીપીએમ રાજદ એનસીપી સીપીઆઇ,રાજદ આપ અને અને ટીએમસી સહિત ૧૭ પાર્ટીઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસનું આગમન આશ્ચર્યજનક રહ્યું હતું. આ અંગે ખડગેએ કહ્યું કે લોકશાહીની રક્ષા માટે જે પણ આગળ આવશે તેનું અમે સ્વાગત કરીશું. આ પહેલાં ઓગસ્ટ ૨૦૨૨માં રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના સાંસદોએ મોંઘવારી, જીએસટી અને બેરોજગારીના મુદ્દે કાળાં કપડાં પહેરીને પ્રદર્શન કર્યું હતું. તેમજ રાષ્ટ્રપતિ ભવન સુધી કૂચ કરી હતી. રવિવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ રાહુલ ગાંધીને સંસદમાંથી સભ્યપદ રદ કરવા બાબતે રાજઘાટ પર પાર્ટી નેતાઓ સાથે સત્યાગ્રહ કર્યો. જેમાં પ્રિયંકા ગાંધી વાડ્રા, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત, કેસી વેણુ ગોપાલ, કોંગ્રેસના પૂર્વ સાંસદ અને ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોના આરોપી જગદીશ ટાઈટલરે પણ હાજરી આપી હતી. શુક્રવારે રાહુલ ગાંધીના લંડનના નિવેદન અને અદાણી મુદ્દે જેપીસીની માંગને લઈને સંસદના બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. હોબાળો અને ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે ધ્વનિ મતથી ફાઈનાન્સ બિલ ૨૦૨૩ લોકસભામાં પસાર કરવામાં આવ્યું હતું. આ પછી લોકસભાની કાર્યવાહી ૨૭ માર્ચે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. જ્યારે, રાજ્યસભાની કાર્યવાહી પણ ૨૭ માર્ચ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી.સદનમાં ભાજપ લંડનમાં આપેલા નિવેદન માટે રાહુલ ગાંધી પાસેથી માફી માંગવા પર અડગ છે. જ્યારે, હિંડનબર્ગ-અદાણી કેસ મામલે કોંગ્રેસની સંયુક્ત સંસદીય સમિતિની માંગ પર યથાવત્ છે. બજેટ સત્રનો બીજો તબક્કો ૧૩ માર્ચથી શરૂ થયો હતો અને તે ૬ એપ્રિલ સુધી ચાલવાનો પ્રસ્તાવ છે.કેન્દ્રીય મંત્રી કિશન રેડ્ડીએ કહ્યું કે, કોંગ્રેસથી લોકશાહીને જોખમ નથી, તેથી તેમણે કોંગ્રેસ બચાવો ના નામે ભારત જોડો યાત્રા કાઢી હતી. તેઓ લોકશાહીની વાત કરી રહ્યા છે, પરંતુ તેમને બોલવાનો કોઈ અધિકાર નથી કારણ કે કોંગ્રેસે ઈમરજન્સી દરમિયાન લાખો લોકોને જેલમાં ધકેલી દીધા હતા.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આજે આપણે કાળા કપડા પહેરીને આવ્યા છીએ કારણ કે દેશમાં લોકશાહીનો નાશ થઈ રહ્યો છે.

રાહુલ ગાંધીને ગેરલાયક ઠેરવવામાં કોંગ્રેસ પાર્ટીને બધાએ સમર્થન આપ્યું છે. સરકાર ચૂંટણી જીતીને આવેલા લોકોને ધમકી આપી રહી છે. જેઓ ઝુકતા નથી તેમને ED અને CBIનો ડર બતાવવામાં આવે છે.મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું કે આજે લોકશાહીનો કાળો દિવસ છે, સરકાર જેપીસીને કેમ ટાળી રહી છે, જ્યારે તેઓ બહુમતીમાં છે, જેપીસીમાં મોટાભાગના સભ્યો તેમના પક્ષના હશે, તેમ છતાં તેઓ ડરે છે, તેનો અર્થ એ છે કે દાળમાં કંઈક કાળું છે.

જેઓ ડરતા હોય છે, ક્યારેક તેઓ પણ ફસાઈ જાય છે.રાહુલ ગાંધી સામે માનહાનિના કેસમાં સુરતમાં કેસ નોંધવામાં આવ્યો અને પછી જ્યારે ચુકાદો આવ્યો ત્યારે ખડગેએ કહ્યું કે આ મામલો બીજે ક્યાંકનો છે અને કેસ અન્યત્ર નોંધાયેલો છે.


મતલબ સ્પષ્ટ છે કે તમે એવી મૈત્રીપૂર્ણ સરકાર ઈચ્છતા હતા જેના પોલીસ અને વહીવટીતંત્રનો ઉપયોગ રાહુલ ગાંધીને બદનામ કરવા માટે થઈ શકે. જણાવી દઈએ કે ટીએમસીએ પણ આ પ્રદર્શનમાં વિપક્ષી પાર્ટીઓને સમર્થન આપ્યું છે. પાર્ટીના સાંસદોએ રેલીમાં ભાગ લીધો હતો.

## સાવરકર અમારા આદર્શ, તેમનુ અપમાન સહન નહી કરીએ : ઉદ્ધવ ઠાકરે

નાસિક,તા.૨૭

માલેગાંવમાં એક રેલીને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે સાવરકર અમારા આદર્શ છે અને અમે તેમનું અપમાન સહન કરી શકીએ નહીં. રેલીમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે રાહુલ ગાંધીને ઉશ્કેરવામાં આવી રહ્યા છે.

'હું માફી નહીં માંગુ, હું સાવરકર નથી, ગાંધી છુ.' કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના આ નિવેદન પર શિવસેના ચીફ ઉદ્ધવ ઠાકરેએ ગુસ્સો વ્યક્ત કર્યો છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે અમે સાવરકરને અમારા આદર્શ માનીએ છીએ. તેમનું બલિદાન પ્રતીક છે, તેથી અમે તેમનો અનાદર સહન નહીં કરીએ.



રાહુલને સલાહ આપતાં ઠાકરેએ કહ્યું કે તેઓ સાવરકરનું અપમાન કરવાથી દૂર રહે.

માલેગાંવ, નાસિકમાં એક રેલીને સંબોધતા, ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે હા વિકાસ આઘાડી ગઠબંધન લોકશાહીને બચાવવા માટે બનાવવામાં આવ્યું હતું, તેથી એક થઈને કામ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. એમવીએ ગઠબંધનમાં શિવસેના,કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સામેલ છે.

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે રાહુલ ગાંધીને સાવરકર વિરુદ્ધ ભડકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. વીડી સાવરકરે ૧૪ વર્ષ સુધી આંદામાન અને નિકોબાર જેલમાં યાતનાઓ ભોગવી હતી. તેને કાળા પાણીની સજા કરવામાં આવી હતી. તેમનું બલિદાન દેશ માટે પ્રતીક છે. ઠાકરેએ કહ્યું કે જો આજનો આ સમય વેડફાશે તો લોકશાહીનું અસ્તિત્વ ખતમ થઈ જશે. જો આમ થશે તો ૨૦૨૪ની લોકસભા ચૂંટણી છેલ્લી ચૂંટણી હશે.ભાજપ પર પ્રહાર કરતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, જેમને દેશની આઝાદી સાથે કોઈ લેવાદેવા નથી તેઓ લોકશાહીને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધીએ સરકારને સાચો સવાલ પૂછ્યો છે કે અદાણીની કંપનીઓમાં ૨૦ હજાર કરોડ રૂપિયા કોના છે? પરંતુ સરકાર તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ઉદ્ધવ ઠાકરેએ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાનું સમર્થન કર્યું હતું. આ યાત્રામાં ઉદ્ધવના પુત્ર આદિત્ય ઠાકરેએ પણ ભાગ લીધો હતો.લોકસભાના સભ્યપદેથી સસ્પેન્ડ થયાના એક દિવસ પછી રાહુલ ગાંધીએ ભાજપના આરોપો પર પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે હું સાવરકર નથી, હું ગાંધી છું અને ગાંધી કોઈની માફી માંગતા નથી.

## કેન્દ્રીય કેબિનેટ ટૂંક સમયમાં દેશમાં ઉત્પાદિત કુદરતી ગેસની કિંમતો વધારવા પર વિચાર કરી શકે છે

નવીદિલ્હી,તા.૨૭

દેશમાં હાલ દરેક વસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે સામાન્ય લોકોનું જીવવું સતત મુશ્કેલ બની રહ્યો છે. ખાદ્ય ચીજવસ્તુઓ, કાચા તેલ, ફળો અને શાકભાજી સહિત અનેક ઉત્પાદનોની કિંમતો વધી રહી છે. મોંઘવારીના કારણે સામાન્ય માણસ મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. વ્યક્તિના ઘરનો ખર્ચો કાઢવો પણ મુશ્કેલ બની જાય છે. મોંઘવારીના કારણે આપઘાતના સમાચાર સતત આવતા હોય છે. હવે ગેસના ભાવ વધતા તેની સીધી અસર દેશના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડશે. કેન્દ્રીય કેબિનેટ ટૂંક સમયમાં દેશમાં ઉત્પાદિત કુદરતી ગેસની કિંમતો વધારવા પર વિચાર કરી શકે છે. તમને જણાવી દઈએ કે નેચરલ ગેસ એટલે કે સીએનજીના ભાવમાં વધારાને કારણે લોકોની અવરજવર પર પણ અસર પડશે, જેના કારણે ઓટો રિક્ષા, ટેમ્પોના ભાડામાં વધારો થવાની સંભાવના છે.સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર દેશમાં ઉત્પાદિત કુદરતી ગેસના ભાવમાં બે વખત વધારો કરે છે. આ ગેસનો ઉપયોગ સીએનજીના રૂપમાં વાહનોમાં થાય છે. તે જ સમયે, પીએનજીનો ઉપયોગ રસોડામાં ગેસ તરીકે થાય છે. આ ઉપરાંત ઉત્પાદિત કુદરતી ગેસનો ઉપયોગ વીજળી અને ખાતરના ઉત્પાદનમાં થાય છે. ૧ એપ્રિલથી આ ગેસના ભાવમાં જોરદાર ઉછાળો આવી શકે છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો કેન્દ્ર સરકાર પહેલાની ફોર્મ્યુલા અનુસાર ગેસની કિંમત નક્કી કરે છે, તો ગેસની કિંમત ૧૦.૭ પ્રતિ એમએમબીટીયુ સુધી થઈ શકે છે. તે જ સમયે, નવા ગેસ ફિલ્ડમાંથી ગેસની કિંમત કાઢવા પર કેટલાક ફેરફારો જોવા મળી શકે છે.

## દેશમાં લગભગ ૬ અઠવાડિયાથી સંક્રમણના કેસ વધી રહ્યા છે

નવીદિલ્હી,તા.૨૭

જેમ જેમ એપ્રિલ મહિનો નજીક આવી રહ્યો છે તેમ તેમ દેશમાં જીવલેણ કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. હવે જે આંકડાઓ સામે આવી રહ્યા છે તે ભયાનક છે. સંક્રમણના કેસ વધી રહ્યા છે, હવે મૃત્યુઆંક પણ વધવા લાગ્યો છે. શનિવારે દેશભરમાં કોરોનાના ૧૮૯૦ નવા કેસ નોંધાયા હતા, જે છેલ્લા ૨૧૦ દિવસમાં સૌથી વધુ હતા. સ્થિતિ એવી છે કે છેલ્લા સાત દિવસમાં નવા કેસોમાં ૭૮ ટકાનો વધારો થયો છે. દરમિયાન, મૃત્યુઆંક ૧૯ થી ૨૯ પર પહોંચ્યો છે.આંકડા અનુસાર, નોંધાયેલા કેસોની સંખ્યા ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ પછી સૌથી વધુ હતી. ત્યારબાદ કોરોનાના ૧૯૮૮ કેસ સામે આવ્યા. કોરોનાના આંકડા દર્શાવે છે કે ૧૯ માર્ચથી ૨૫ માર્ચની વચ્ચે દેશભરમાં કોરોનાના ૮ હજાર ૭૮૧ નવા કેસ નોંધાયા હતા, જ્યારે અગાઉના સપ્તાહમાં માત્ર ૪ હજાર ૯૨૯ કેસ નોંધાયા હતા.

દેશમાં લગભગ ૬ અઠવાડિયાથી સંક્રમણના કેસ વધી રહ્યા છે.કોરોનાના વધતા જતા કેસો વચ્ચે આરોગ્ય મંત્રાલય આજે સાંજે રાજ્યોના આરોગ્ય સચિવો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે કોવિડની તૈયારીઓની સમીક્ષા બેઠક કરશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં ૫ લાખ ૩૦ હજાર ૮૩૭ લોકોના કોરોનાને કારણે મોત થયા છે. હજુ પણ દેશમાં ૧૦ હજાર ૩૦૦ એક્ટિવ કેસ છે, એટલે કે આ લોકોની કોરોનાની સારવાર ચાલી રહી છે. દેશમાં અત્યાર સુધીમાં ૪ કરોડ ૪૧ લાખ ૬૪ હજાર ૮૧૫ લોકોએ કોરોનાને માત આપી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે દેશમાં કોરોનાના કુલ કેસ ૪ કરોડ ૪૭ લાખ ૪ હજારને વટાવી ગયા છે. દૈનિક હકારાત્મકતા દર ૧.૫૬ ટકા નોંધવામાં આવ્યો છે, જ્યારે સાપ્તાહિક સકારાત્મકતા દર ૧.૨૯ ટકા છે. મંત્રાલયે જણાવ્યું છે કે દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ દેશમાં અત્યાર સુધીમાં કોરોના રસીના ૨ અબજ ૨૦ કરોડ ૬૫ લાખ ૫૪ હજાર ૨૨ ડોઝ આપવામાં આવ્યા છે.

## અતીકની પત્ની શાઈસ્તા પરવીન ફરાર છે, પોલીસે ૨૫૦૦૦નું ઈનામ જાહેર કર્યું છે

લખનૌ,તા.૨૭

ગેંગસ્ટર અતીક અહેમદને યુપી એસટીએફ ગુજરાતની સાબરમતી જેલમાંથી લઈ જઈને ઉત્તરપ્રદેશમાં એન્ટ્રી થઈ છે. આ તરફ અતીકની પત્ની શાઈસ્તા પરવીનની તસવીર પહેલી વખત સામે આવી છે. આ તસવીરમાં શાઈસ્તા પહેલી વખત બુરખા વિના દેખાઈ રહી છે.શાઈસ્તા પરવીન બાબતે ઉમેશ પાલની હત્યાનું કાવતરું ઘડવું અને તેને અંજામ આપવાના આરોપ છે. પોલીસ સૂત્રો મુજબ ઉમેશ પાલ હત્યાકાંડમાં સામેલ શૂટર્સે શાઈસ્તાને કહ્યું હતું- ઈંશાઅલ્લાહ અમારે ઉમેશ પાલની હત્યા કરવામાં સફળ થવાનું છે અને અમારી ગુમાવેલી ધાક ફરીથી મેળવવાની છે.ઉમેશ પાલ



હત્યાકેસનો ઈનામી શૂટર અરમાન અને અતીક અહેમદની પત્ની શાઈસ્તા પરવીનનો એક વીડિયો સામે આવ્યો હતો. આમાં બંને સાથે જોવા મળે છે. આ વાઈરલ વીડિયો તે સમયનો હોવાનું કહેવાય છે જ્યારે શાઈસ્તા પરવીન મેયર પદ માટે પ્રચાર કરી રહી હતી. અરમાન પર પોલીસે પાંચ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું છે. આ પહેલાં શૂટર સાબીર સાથે શાઈસ્તાનો એક વીડિયો વાઈરલ થયો હતો.વીડિયોમાં અરમાન શાઈસ્તા સાથે સુરક્ષા ગાર્ડ તરીકે જોવા મળી રહ્યો છે. અરમાને સ્કાય બ્લુ શર્ટ અને ફુલ બ્લેક જેકેટ પહેર્યું છે. ઉમેશ પાલ હત્યાકાંડમાં બોમ્બર ગુડ્ડુ મુસ્લિમને બાઈક પર લાવનાર અરમાન જ હતો. તે લાલ રંગની બાઈક ચલાવી રહ્યો હતો. હાલમાં જ તેની તસવીર સામે આવી છે. તે હાલ ફરાર છે. શાઈસ્તા પર ૨૫ હજારનું ઈનામ છે.જણાવીએ કે ૨૦૦૫માં ધારાસભ્ય રાજુ પાલની હત્યાના સાક્ષી ઉમેશ પાલ અને તેના બે સુરક્ષાકર્મીઓની હત્યા કરવામાં આવી હતી. શાઈસ્તા પર હત્યાકેસમાં કાવતરું ઘડવાનો અને શૂટરોને એડવાન્સ તરીકે એક લાખ રૂપિયા આપવાનો આરોપ છે. શાઈસ્તા પરવીન પણ ફરાર છે. શાઈસ્તાને પકડવા માટે પોલીસ સતત દરોડા પાડી રહી છે. ૫ લાખના ઈનામી શૂટર સાબીર બાદ અરમાન સાથેનો વીડિયો સામે આવ્યો ત્યારે ઉમેશ હત્યા કેસમાં શાઈસ્તાની ભૂમિકા વધુ મહત્ત્વની માનવામાં આવી રહી છે. શાઈસ્તાની કોલ ડિટેઈલની તપાસ કર્યા બાદ પોલીસને પુરાવા મળ્યા છે કે તે શૂટરો સાથે મળીને હત્યાના પ્લાનિંગમાં સામેલ હતી. શાઈસ્તા સીધા શૂટરો સાથે સંપર્કમાં હતી.

ઉમેશ પાલ અને બે સુરક્ષા કર્મચારીઓની હત્યામાં પોલીસે માફિયા અતીક અહેમદના અન્ય નજીકના સાથી બલ્લી પંડિતની ધરપકડ કરી છે. હત્યાકાંડના ૫ દિવસ પહેલાં શાઈસ્તા પરવીન મોહમ્મદ સાબિરની સાથે બલ્લીને તેના ઘરે નીવા, ધૂમનગંજમાં મળવા ગઈ હતી.ઉમેશ પાલ મર્ડર કેસમાં અરમાન પર પાંચ લાખ રૂપિયાનું ઈનામ છે. તે અરમાન છે જે ગુડ્ડુ મુસ્લિમ બોમ્બરને લાલ રંગની બાઈક પર લઈને આવે છે.

પોલીસ ટીમે શુક્રવારે સાંજે ૪ વાગ્યે રાજુ પાલ હત્યા કેસમાં સામેલ ભાગેડુ શૂટર અબ્દુલ કવિના ગામ ખંદા ઉપરહારમાં દરોડો પાડ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

### પડકારરૂપ બનતા વિદેશમાં વસતા ખાલિસ્તાની

*ઓસ્ટ્રેલિયા, બ્રિટન, કેનેડા અને અમેરિકામાં ખાલિસ્તાની ચરમપંથીઓ દ્વારા ભારતીય દૂતાવાસો, પ્રવાસીઓ અને મંદિરો પર ધૃણાથી પ્રેરિત હૂમલા અને અપરાધોનો વધતો સિલસિલો સ્પષ્ટ દર્શાવે છે કે, એક સુનિયોજીત આંતરરાષ્ટ્રીય અભિયાન ચલાવવામાં આવી રહયું છે. આ મુહિમનું લ-ય પંજાબમાં અલગાવવાદી તાકાતોને પુર્નજીવિત કરવાનું છે. પશ્ચિમી લોકતાંત્રિક દેશોને અડ્ડો બનાવીને ઉગ્રવાદી પ્રચાર, નાણાંકીય અનુદાન અને હિંસક ગતિવિધિને તેજ કરીને પંજાબમાં પુનઃ નફરતની આગ ફેલાવવાની ચેષ્ટા થઈ રહી છે.*

*સમસ્યા ફકત એ નથી કે ખાલિસ્તાની આતંકવાદીઓને પશ્ચિમી દેશોમાં ઉદાર રીતે શરણ મળી રહયું છે. પરંતુ એ પણ છે કે ત્યાંની સરકારો આ ખતરાને વણદેખ્યો કરી રહી છે. આ સમગ્ર મામલાની જડ પાકિસ્તાની ગુપ્ત એજન્સી આઈએસઆઈ છે. જે દસકાઓથી વિદેશી ધરતી પર ખાલિસ્તાન સમર્થકોને તૈયાર કરવામાં સક્રિય રહી છે. આ મામલો થોડા માથાફરેલ ખાલિસ્તાની કટ્ટરપંથીઓનો નહીં પરંતુ ભારત વિરુદ્ધ એક મોટું વિદેશી ષડયંત્ર છે.સમયની માંગ એ છે કે પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની જાળવી રાખવાની સાથે પરસ્પર ભાઈચારાને કાયમ રાખીને પશ્ચિમી દેશોમાં રચાતા ભારત વિરોધી પ્રપંચ સામે સખ્તાઈપૂર્વક લડત આપવામાં આવે.*

*ખાલિસ્તાન સમર્થકો અંગે ભારતીય એજન્સીઓ પશ્ચિમી દેશો પર ખાસ નજર રાખી રહી છે. આવા તત્વોના નાપાક ઈરાદાઓની જાણકારી પણ સમયાંતરે સંબંધિત દેશોને આપવામાં આવી રહી છે. આ મહિનાની શરુઆતમાં બ્રિટીશ ગુપ્ત એજન્સી એમઆઈ-પને વિરોધ પ્રદર્શન યોજનાઓ અંગે અગાઉથી સચેત કરીને વિરોધને રોકવા અનુરોધ કરાયો હતો. કેટલાક બ્રિટીશ ગુરુદ્વારોમાં ખાલિસ્તાન સમર્થકો તરફથી ભારતમાં હિંસક કાર્યવાહી માટે ફાળો એકત્ર કરવાની ગતિવિધિ સંબંધી જાણકારી પણ ભારતીય એજન્સીઓને મળી હતી. કથિત ખાલિસ્તાન અંગે જનમત સંગ્રહ અંગે પણ ભારતીય એજન્સીઓએ વિદેશી એજન્સીઓને જાણ કરી હતી કે, આ જનમત સંગ્રહ પંજાબને 'ભારતીય કબજામાંથી મુકત કરવા'ના નામ પર આયોજીત કરવામાં આવી રહ્યો છે. જે ભારતની સંપ્રભુતા અને રાષ્ટ્રીય સુરક્ષા પર આઘાતનું મોટું ષડયંત્ર છે.જો કે ભારતીય એજન્સીઓની સક્રિયતા છતાંયે અનેક ષડયંત્રોનો ભંડાફોડ એટલા માટે થઈ શકયો નથી કે જે દેશોમાંથી આવી ગતિવિધિઓ સંચાલિત થાય છે ત્યાં ખાલિસ્તાન સમર્થકોને પોતાની સુરક્ષા માટે ખતરારુપ ગણવામાં આવતા નથી. આ દેશોમાં મોટાભાગનું ધ્યાન ઈસ્લામિક જેહાદી આતંક પર રાખવામાં આવે છે. જેના કારણે ખાલિસ્તાન સમર્થકોને ખુલ્લી છૂટ મળ્યાનો માહોલ છે. કારણ કે તેઓ તે દેશોના નાગરિકો અને સ્થળો પર હૂમલો કરતા નથી. મતલબ કે તેઓ પશ્ચિમી દેશોનું સિરદર્દ ન બન્યા હોવાથી તેમની પાછળ પોલીસ દોડાવવાની વાતને ત્યાંનું તંત્ર પ્રાથમિકતા આપતું નથી.*

*આ સ્થિતિ સામે વાસ્તવમાં ભારતે પશ્ચિમી દેશો સાથે આ મુદ્દે સમાન ભાગીદારી અને સહયોગને મુખ્ય વિષય બનાવવો પડશે. જે દેશોએ ભારત સાથે ગુપ્ત ભાગીદારી પર સહમતિ દર્શાવી છે તેઓને ખાલિસ્તાની-પાકિસ્તાની મિલીભગત પર કેન્દ્રિત સંયુકત કાર્યવાહીને પ્રાથમિકતા આપવા તૈયાર કરવા પડશે. મિત્ર રાષ્ટ્રોની સાથે 'સુરક્ષા સહયોગ'નો અર્થ મોટાભાગે ચીનની વિરુદ્ધ હિન્દી-પ્રશાંત ક્ષેત્રમાં તાલમેલ અથવા જેહાદી સંગઠનો વિરુદ્ધ એકજૂથ થઈને લડવા અંગેનો કરવામાં આવે છે. પરંતુ પડકાર તેનાથી ઉપર છે. જેમાં હવે પાકિસ્તાન પ્રાયોજિત ખાલિસ્તાની ષડયંત્રોમાં વધારો થઈ રહ્યો છે.*

# એજયુકેશનલ ઇન્સ્પેક્ટરની ભરતીની પરીક્ષા ઇઝ નન ઓફ યોર બિઝનેસ મિ. મિડિયા!!

ઘોરખોદિયું નામનું એક પ્રાણી આવે છે. ઘોરખોદિયું કબ્રસ્તાન કે સ્મશાનમાં દફનાવેલા મડદાની સમાધિ કે તાજી કબર ખોદીને નવજાત મૃતદેહ ખોદીને ખાવાનું કામ કરે છે.

લક્કડખોદ નામનું લાંબી ચાંચવાળું માથે લાલ ટોપીવાળું ( પક્ષી જગતમાં તેને સમાજવાદી પક્ષનો સભ્ય કે પ્રતિનિધિ કે સમર્થક કહી શકાય.) પક્ષી વૃક્ષને ચાંચથી ખોદી જીવડાં ખાતું રહે છે!!

માનવ સમાજમાં મિડિયા ,અખબારનવેશો રીપોર્ટર , તંત્રીઓ ઘોરખોદિયા ,લકકડખોદ જેવા નખોદિયા હોય છે.સરકારને કે સમાજને સલાહ,સૂચનો કરે, વાંક કાઢે, કૌભાંડ કે ભોપાળા કાઢે.દલપતરામ કવિના ઊંટ જેવા . બીજાના દોષ કાઢે પણ પોતાના અઢાર અંગ વાંકા છે તે ભૂલી જાય. બીજાના દોષનો પોટલો આગળ રાખે.પોતાના દોષનો ટોપલો પીઠ પર રાખે.એના છાપાનું સરક્યુલેશન માત્ર સતર કોપીનું હોય અને પુતિન, બાઇડન અને ઝેલેન્સ્કીને વોર એડવાઉસ આપે.કહેતા ભી દિવાના અને સુનતા ભી દિવાના!!!

શિક્ષણ નિરીક્ષક કે એજયુકેશનલ ઈન્સ્પેક્ટર તરીકે ઓળખાતી જગ્યા માટે પરીક્ષા યોજાઇ ગઇ. આ ઈન્સ્પેક્ટર નામ નામ માત્ર ઈન્સ્પેક્ટર છે. યુનિફોર્મ ઠઠાડી કમરે બંદૂક લટકાવી સિંઘમ સ્ટાઈલ દે ધનાધન કરવાની નથી. આ ઈન્સ્પેક્ટરે શાળાની તપાસણી કરવાની હોય છે.

આ પરીક્ષામાં અર્જુનના ધનુષ્ય વિશે સવાલ પૂછાયો હતો. આ સવાલ શિક્ષણ નિરીક્ષકની કામગીરીને લગત છે કે નહીં તે અલગ સવાલ છે. જો કે હવે સ્કૂલોમાં ભગવદ ગીતાનો અભ્યાસ નવા સત્રથી શરૂ થનાર છે. આમાં અર્જુનને ભગવાન મેનેજમેન્ટ સ્કીલ કે ટીપ્સ આપે છે. માહિતી મેળવવાના અધિનિયમ હેઠળ અર્જુનના ધનુષ્યની માહિતી શાળાને પૂછવામાં આવે તો પ્રથમ અપીલ અધિકારી તરીકે સ્કૂલ ઈન્સ્પેક્ટરને તો ખબર હોવી જોઈએ કે નહીં? આ આશયથી ભરતીમાં સવાલ પૂછેલો. તેના વિકલ્પોમાં ગાંડીવનું નામ છાપેલું નહીં.જવાબમાં સારંગ બતાવેલ હતું.શ્રી રામ પાસે કોદંડ નામનું ધનુષ હતું, શિવ પાસે પિનાક નામનું હતું અને અર્જુન પાસે ગાંડિવ નામનું ધનુષ હતું. શ્રી કૃષ્ણ પાસે સારંગ અથવા શારંગ નામનો ધનુષ્ય હતું. શારંગ એટલે રંગીન, રંગબેરંગી, બધા રંગીન અને સુંદર. એવું કહેવામાં આવે છે કે ભગવાન શ્રીકૃષ્ણનો આ ધનુષ્ય શિંગડાનું બનેલૂ હતું. કેટલાક માને છે કે આ તે જ શારંગ છે જે કણ્વની તપસ્યા સ્થાનના વાંસમાંથી બનાવવામાં આવ્યો હતું. બ્રહ્માજીના આદેશથી વિશ્વકર્માએ આ વાંસમાંથી ગાંડિવ પિનાક સારંગ નામના ત્રણ ધનુષ્ય બનાવ્યા હતા.ટુંકમાં ત્રણ ધનુષ્ય એક કંપનીની પ્રોડકટ હતા . કે વત્તાસુર નામનો એક રાક્ષસ હતો જેને આખી પૃથ્વી પર આતંક હતો. તેના આતંકનો સામનો કરવા ઋષિ દધીચિએ દેશના હિતમાં તેના હાડકાં દાન કર્યા. તેના હાડકાંમાંથી ગાંડિવ, પિનાકા સારંગ ધનુષ્યો બનાવ્યા અનેછાતીના હાડકામાંથી વજ્ર બનાવવામાં આવેલ હતું.આ બધા દૈવી શસ્ત્રોથી તેણે વત્તાસુર સાથે લડ્યા અને વતાસુરનો વધ કર્યો.ભાઇ વિકલ્પમાં ધનુષનું જ નામ હતું કે નહીં?? વિકલ્પમાં પાંચજન્ય શંખનું નામ હોય તો લોચો કહેવાય. !!એક બીજા સવાલ સાંજના જમણને શું કહેવાય તેનો હતો. વિકલ્પ તરીકે બુફે આપેલ હતું. ખરો જવાબ વાળું કે ડિનર ગણાય. અલબત, બુફે પણ સાચો વિકલ્પ છે.સાંજનું જમણ કોઈ પિરસનાર ન હોય અને જાતે જમણ લેવાનું હોય તેને બુફે કહેવાય. બુફે શિરામણ, બપોરા, રોંઢા કે વાળું એમ ગમે તે સ્વરૂપે હોઈ શકે. એટલે આપવામાં આવેલ વિકલ્પ ખોટો નથી. એજયુકેશનલ ઈન્સ્પેક્ટરની નોકરી આવા સવાલના આધારે થોડી કરવાની છે? અકબરનો બાપ કોણ હતો તેના કરતા સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ સંચાલક કંઇ પાર્ટીનો પીઠું કે ફોલ્ડર છે તે માહિતી ગાંધીછાપ નોટોની કાપણી કરવા કામની છે!!!

ધાબાવાળાનું ચોપાનિયું ચલાવવામાં લેતાણ થઇ જાય છે.

તલવાર ચલાવવા કરતા કલમ ચલાવવી અઘરી છે એમ કહેવાયું છે. જો કે કોઇ જગ્યાની ભરતી કરવીએ એ લોઢાના ચણા ચાવવા જેવું અતિદુષ્કર કામ છે. અભિમન્યુને સાત કોઠા વીંઝવાના હતા, ભરતી કરવા માટે જગ્યાનું માંગણાપત્રકથી લઈને સિલેકટ યાદી બહાર પાડવાના સિતોતેર કોઠા વીંધવાના હોય.ક્યાંક નાનીમોટી ભૂલ તો થાય. ભાઈ માણસ છે ભૂલ કરે તેમાંથી શીખે.ભૂલના ઢોલ પીટવાના ન હોય!છાપાવાળા સમાચારના અનુસંધાનના પાના નંબર સાચા છાપી શકતા નથી.સુડોકુ કે શબ્દ હરીફાઈના ઉભા આડા વિકલ્પો સાચા છાપી શકતા નથી. એકના એક સમાચાર એક જ પાના પર બે વાર છાપી નાંખે છે. પહેલા પાને મથાળે તારીખ ખોટી છાપે છે!! સરકાર તો માઈબાપ કહેવાય. સરકાર સૂરજ કહેવાય. સરકારને ભૂલોનો દીવો દેખાડવાની ધૃષ્ટતા કે અનધિકૃત ચેષ્ટા કરો છો? મિડિયા માઈન્ડ યોર બિઝનેસ. અમે ૧૦૦ ભૂલ કરીએ. અમને કહેવાવાળા તમે કોણ???

ભરત વૈષ્ણવ
૨૭.૩.૨૦૨૩.

ક્યારે સાજન

અધરાતે મધરાતે મેઘધનુષ ક્યારે બતાડશો સાજન,
આત્માની જેમ સાથે પડછાયો ,અમાસની રાતે બતાડશો સાજન ?
સંધ્યા-ઊષાની લાલી અમારા હોઠે ક્યારે લગાવશો સાજન?
રાતના ઘનઘોર અંધકારનું કાજળ આંખમાં ક્યારે આંજશો સાજન?
આકાશમાં આંબો રોપી તેની કેરી ખવડાવો સાજન,
આકાશે ખીલેલા મોગરાની વેણી અંબોડલે ક્યારે ગૂંથશો સાજન?
ચાંદતારા તોડવાના વચનો ક્યારે પૂરા કરશો સાજન?
સેંથામાં સૂરજ પુરવાના ઓરતા પૂરા કરશો સાજન?
ઝાકળના ઝાંઝર પગમાં ક્યારે પહેરાવશો સાજન?
મૃગજળના મોતીની માળા ક્યારે આરોપશો સાજન.
ભરત વૈષ્ણવ
૨૭.૩.૨૦૨૩.

# 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય' વતી આયર્લેંડમાં 'વ્યસનાધીનતા' આ વિષય પર શોધનિબંધ પ્રસ્તુત !

સાધના દ્વારા વ્યસનાધીનતા પર ઓછા

સમયગાળામાં માત કરી શકાય છે ! - સંશોધનમાંનો નિષ્કષ

આધ્યાત્મિક સંશોધન દ્વારા એવું દેખાઈ આવ્યું છે કે એકાદ વ્યસનનાં ૩૦ ટકા કારણો શારીરિક હોય છે, અર્થાત્ વ્યસનાધીન પદાર્થો પર આધારિત હોય છે, જ્યારે ૩૦ ટકા માનસિક અને ૪૦ ટકા આધ્યાત્મિક હોય છે. અધ્યાત્મશાસ્ત્ર અનુસાર યોગ્ય આધ્યાત્મિક સાધના કરવાથી વ્યસન પર ઓછા સમયગાળામાં માત કરી શકાય છે. તેમજ વ્યસનો પર સંપૂર્ણ રીતે માત કરવા માટે આધ્યાત્મિક સાધના આ એક



અતિશય શક્તિશાળી સાધન છે', એવું મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય (MAV) વતી શ્રી. શૉન ક્લાર્કે કહ્યું.

તેઓ ડબલિન, આયર્લેંડ ખાતે હાલમાં જ 'કૉન્ફરન્સ સિરીઝ' દ્વારા આયોજિત કરેલા ૧૦મા 'વાર્ષિક કૉંગ્રેસ ઑન મેંટલ હેલ્થ' (એસીએમએચ ૨૦૨૩) આ ઑનલાઈન અંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક પરિષદમાં બોલી રહ્યા હતા. શ્રી. ક્લાર્કે 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય' વતી 'આધ્યાત્મિક કારણોને કારણે વ્યસનો કેવી રીતે લાગી જાય છે અને તેના પર માત કેવી રીતે કરવી ?' આ વિષય પર ૧૦૨મો શોધનિબંધ પરિષદમાં પ્રસ્તુત કર્યો. મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના સંસ?થાપક સચ?ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલેજી આ શોધનિબંધના લેખક, જ્યારે મહર્ષિ અધ્યાત્મ વિશ?વવિદ્યાલયના સંશોધન જૂથના શ્રી. શૉન ક્લાર્ક સહલેખક છે.

શ્રી ક્લાર્કે ઉમેર્યું કે, નકારાત્મક શક્તિઓનો પ્રભાવ અથવા અતૃપ્ત પૂર્વજોને કારણે થનારા ત્રાસ એ વ્યક્તિના જીવન પર પરિણામ કરે છે, તેમજ તે તે વ્યક્તિની નકારાત્મક ઊર્જાનું પ્રભામંડળ વધારવામાં કારણીભૂત પુરવાર થાય છે. તથાપિ, એકવાર એકાદ વ્યક્તિ આધ્યાત્મિક સાધના ચાલુ કરે કે, તેની નકારાત્મક ઊર્જાનું પ્રભામંડળ ઓછું થવા લાગે છે. શ્રી. ક્લાર્કે મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયે 'યુનિવર્સલ ઑરા સ્કૅનર' (યુ.એ.એસ.) ઉપકરણ દ્વારા પ્રયોગ કરીને કાઢેલા નિષ્કર્ષ સદર પરિષદમાં પ્રસ્તુત કર્યા. આ પ્રયોગમાં ફ્રાંસ ખાતેના એક સંતના ત્રણ ચિત્રોનું પ્રભામંડળ માપવામાં આવ્યું. પ્રથમ, સાધના ચાલુ કરવા પહેલાં જ્યારે તેમને સિગારેટનું વ્યસન હતું, બીજું, આધ્યાત્મિક સાધના ચાલુ કર્યા પછી અને ત્રીજું, આધ્યાત્મિક પ્રગતિ કરીને સંત બન્યા પછી. તેમાંના નિષ્કર્ષ પરથી એવું જોવા મું કે, જે પહેલા ચિત્રમાં તેમને વ્યસન હતું તેમાં નકારાત?મક ઊર્જાનું પ્રભામંડળ મોટા પ્રમાણમાં જોવા મળ્યું. બીજા ચિત્રમાં, તેમની નકારાત્મક ઊર્જાનું પ્રભામંડળ અડધા કરતાં ઓછું થયું, જ્યારે સંત થયા પછી કાઢેલા તેમના ત્રીજા ચિત્રમાં સકારાત્મક ઊર્જાનું પ્રભામંડળ મોટા પ્રમાણમાં જોવા મળ્યું. આ સમયે મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયમાં આધ્યાત્મિક સાધના કરીને કેટલાક મહિના અથવા વર્ષોમાં વ્યસનો પર માત કરેલા સાધકોનાં પરીક્ષણોનાં ઉદાહરણો આ સમયે આપવામાં આવ્યાં.

આ સર્વ પ્રયોગોના નિષ્કર્ષ પ્રસ્તુત કરતી વેળાએ શ્રી. ક્લાર્કે કહ્યું કે, જો વૈદ્યકીય સમુદાયને સમાજનું માનસિક આરોગ્ય સુધારવું હોય, તો તેમણે તેમના સંશોધનમાં આધ્યાત્મિક પરિણામ સમાવિષ્ટ કરવું જોઈએ અને તેના દ્વારા ઉપચાર પદ્ધતિમાં આધ્યાત્મિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ; કારણકે માનવીના કલ્યાણ માટે અધ્યાત્મ અત્યંત મહત્ત્વનું છે.

આપનો નમ્ર,
શ્રી. આશિષ સાવંત,
સંશોધન વિભાગ, મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય,
સંપર્ક : ૯૫૬૧૫૭૪૯૭૨

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૬૩૧ અને ચાંદીમાં રૂ.૪૬૩નો કડાકોઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિ

## કોટન-ખાંડીના વાયદાના ભાવમાં રૂ.૫૦૦ની નરમાઈઃ મેન્થા તેલમાં સુધારાનો સંચારઃ નેચરલ ગેસ ઢીલુઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦,૦૮૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૭૪૦.૫ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૪૯ કરોડનાં કામકાજ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૫,૭૨૨ સોદાઓમાં કુલ રૂ.૨૧,૮૭૭.૦૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૦૮૭.૩૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૭૪૦.૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૨,૩૩૮ સોદાઓમાં રૂ.૭,૨૯૬.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૩૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૧૦ અને નીચામાં રૂ.૫૮,૫૭૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૩૧ ઘટી રૂ.૫૮,૬૪૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૪ ઘટી રૂ.૪૬,૮૨૩ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૦ ઘટી રૂ.૫,૭૭૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૫ ઘટી રૂ.૫૮,૬૨૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૨૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૪૦૮ અને નીચામાં રૂ.૬૯,૭૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬૩ ઘટી રૂ.૬૯,૯૪૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૪૫ ઘટી રૂ.૬૯,૯૦૭ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪૪૨ ઘટી રૂ.૬૯,૯૨૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૪૪૪ સોદાઓમાં રૂ.૧,૨૫૬.૫૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૮૫.૬૦ના ભાવે ખૂલી, રૂ.૦.૯૫ ઘટી રૂ.૭૮૪.૮૦ જ્યારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૨૦૨.૯૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૭૯ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૫૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ ઘટી રૂ.૨૦૨.૭૫ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૭૯.૨૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૫૨.૭૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૨,૨૧૫ સોદાઓમાં રૂ.૧,૫૧૨.૯૩ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો




સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૭૨૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૦૪ અને નીચામાં રૂ.૫,૭૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૩ વધી રૂ.૫,૭૯૧ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૬૫ વધી રૂ.૫,૭૯૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૬ના ભાવે ખૂલી, રૂ.૫.૯૦ ઘટી રૂ.૧૭૫.૮૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૪.૫ ઘટી ૧૯૧.૮ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૧.૪૪ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૦,૬૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૦૦ અને નીચામાં રૂ.૬૦,૩૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦૦ ઘટી રૂ.૬૦,૪૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૭૦ વધી રૂ.૯૮૮.૮૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૯૬૭.૮૯ કરોડનાં ૮,૪૦૫.૪૫૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૨૮.૫૨ કરોડનાં ૩૩૧.૯૫૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૭૯૪.૧૭ કરોડનાં ૧૩,૭૬,૬૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૧૮.૭૬ કરોડનાં ૩,૮૬,૩૧,૨૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૩૭.૫૧ કરોડનાં ૧૧,૬૨૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૩.૦૬ કરોડનાં ૧,૮૧૮ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૮૯.૯૧ કરોડનાં ૭,૬૨૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૯૬.૦૬ કરોડનાં ૧૫,૫૬૦ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૬.૮૭ કરોડનાં ૨,૭૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪.૫૭ કરોડનાં ૪૫.૭૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૨૪૫.૯૭૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૫.૧૦૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૨,૬૪૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૨૭૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૭૫૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૧૭,૪૧૭ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૯,૯૧,૮૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૧૪,૩૬,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૯૬૦ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૫.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૪૯.૨૬ કરોડનાં ૬૧૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૧૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૬૨૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૬૨૩ અને નીચામાં ૧૫,૯૫૮ બોલાઈ, ૬૬૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૯૦ પોઈન્ટ ઘટી ૧૫,૯૭૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧૭૪૦.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૬૦૮.૧૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧૫.૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૦૬૪.૩૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫૨.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૫૦.૯૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૧૭.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૮.૯૦ અને નીચામાં રૂ.૨૧૧.૬૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭.૨૦ વધી રૂ.૨૫૧.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૫.૭૫ અને નીચામાં રૂ.૧૨.૮૫ રહી, અંતે રૂ.૨.૦૫ ઘટી રૂ.૧૪.૨૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦ અને નીચામાં રૂ.૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮.૫૦ ઘટી રૂ.૦.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૩૨ ઘટી રૂ..૫૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૫૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૦૮ ઘટી રૂ.૧,૨૨૩.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૯૯૮ના ભાવે ખૂલી, રૂ.૩૦૪.૫૦ ઘટી રૂ.૧,૭૪૦ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૯૫ વધી રૂ.૭.૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૪૩.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૮.૩૦ અને નીચામાં રૂ.૨૦૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦.૧૦ ઘટી રૂ.૨૨૧.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૬૦ અને નીચામાં રૂ.૧૧.૯૦ રહી, અંતે રૂ.૧.૪૦ વધી રૂ.૧૨.૭૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૩૦.૫૦ અને નીચામાં રૂ.૨૦ના મથાળે અથડાઈ,

પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬૧ વધી રૂ.૪૦૯.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૦ અને નીચામાં રૂ.૧ રહી, અંતે રૂ.૬.૫૦ વધી રૂ.૧૩.૫૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૪૯ના ભાવે ખૂલી, રૂ.૧૭૭ વધી રૂ.૨,૦૩૦ થયો હતો,

જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૮૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૩૮ વધી રૂ.૧,૮૭૧.૫૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 0050**
વિષય - ચારિત્ર્ય
પ્રકાર - પદ્ય મૌલિક
શબ્દો - ૧૩૫.
શીર્ષક - ચારિત્ર્ય નિર્માણ કરો.
નામ - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ
તા- ૨૭/૩/૨૦૨૩ .
......................................

તારી બનાવેલી સૃષ્ટિમાં..! મારા જ ચારિત્ર પર સવાલ ઉઠાવે...?
હે માનવ જરા...!
તારી ભીતર ઝાંખીને જોઈ તો લે...!
ને ક્યાંક સંસ્કારોમાં ઉણા ઉતર્યા..!
ક્યાંક અભદ્ર વ્યવહાર કેવાં...?
પહેલાં તારી આંખો પરનાં વાસનાનાં ચશ્મા ઉતારને..! પછી ઉઠાવો સવાલ ચારિત્ર પર..!
હું સતી નથી કે હું મુજઅંદરની જ્વાળાથી ખુદને જલાવી દઉં...!
કે ચારિત્ર સાચવનાર ધરતીમાં સમાઈ જાઉં...!
કેટલાય સવાલો અંદર ઉમટે છે .!
અગ્નિની જ્વાલામાં જલતી રહું..!
ડગલેને પગલે પરીક્ષાની કસોટી કરે પવિત્રતાનું પ્રતીક છું...!
તોય પરીક્ષા આપવી પડે છે..! કોઈ પ્રમાણપત્ર હોત ચારિત્રનું તો સાબિત કરીને બતાવત..!
હસતાં હસતાં જીવું છું..!
દલડાં દાહ કાયમ રહેવાની શું...?
ભીતરમાં સળવાળા થયાં કરે..!
આ ગગન રંગીન પતંગો જેવું સપનાંઓની ઉડાન ભરી વિહરુ ગગનમાં...!
માટે ચારિત્રવાન બનુ ને મારી આબરૂની રક્ષા ખુદ કરું..!
દલડું તૂટે ત્યારે નથી આવતું કોઈ દીલાસો દેવા..!
ચારિત્ર જ ધર્મ છે સૌથી મોટી જીવનની કુંજી છે?..!
માટે તેનું મૂલ્યાંક સાચવો ઈમાનદારી નું...!
બેઈમાનીના યુગમાં સંકલ્પો થોડાં આકરા છે...!
પણ કોઈએ તો શરૂઆત કરવી જ પડશે ને...!
*********************************

**NOG:SS:NO. : 0141**
★વિષય★ :- ★"ચારિત્ર્ય"★
★પ્રકાર★ :- ★લેખ★
★શીર્ષક★ :- ★"ચારિત્ર્ય"★
★શબ્દ★ :- ★૩૫૦★

ચારિત્ર્ય એટલે પોત, બર ! ગુણ અવગુણ, વાણી વ્યવહાર, રહન સહન, વિચાર અને વર્તન, તમામનો મેળાવડો.

આપણા રામાયણ, મહાભારત, ગીતા તથા દરેક ધર્મગ્રંથ, પુરાણ વગેરે વગેરે, કોઈને કોઈ રૂપમાં, કોઈ ને કોઈકનું ચારિત્ર્ય કથન કે મહિમાગાન છે.

ચારિત્ર્ય ફક્ત વ્યક્તિનું જ હોય એમ નથી. કુટુંબ, પરિવાર, જ્ઞાતિ, સમાજ અને સંઘ તેમજ સંગઠન નુંય હોય. તે મહોલ્લાથી માંડી ગામ, પ્રદેશ, દેશ અને દુનિયા ને પણ લાગુ પડે છે.

ચારિત્ર્ય જીવંત વ્યક્તિ સિવાય જડ પ્રકૃતિ, પશુ, પ્રાણી, વૃક્ષ વનસ્પતિ, ઝરણાં, તળાવ, સરોવર, નદી, પર્વત, સમુદ્ર અને રણ, વગેરે સૌને માટે છે.

કોઈ ખાસિયત, ખાસ ગુણધર્મ, સેવા, કર્મ, જ્ઞાન, પ્રવૃત્તિ સમજણ અને વિવેક વગેરે દ્વારા ચારિત્ર્યનું નિર્માણ થાય છે. ઊર્ધ્વ ગતિ અને અધો ગતિ ચારિત્ર્યને આધીન છે.

ચારિત્ર્ય ખાસ કરીને વ્યક્તિત્વ નું દ્યોતક છે. વ્યક્તિને અપાતું માન અપમાન, આવનાર અને જાકારો એના ચારિત્ર્યને લઈને હોય છે. ચારિત્ર્ય વિનાનું કોઈ હોઈ શકે નહિ.

આપણે સદગુણના, સારી બાબતોના, સારી સેવાકીય પ્રવૃત્તિઓના, બીજાઓ પ્રત્યે સારા વાણી વર્તનના, અન્યોનું ભલું કામ કરવા માટેના હિમાયતી હોઈએ તો આપણું ચારિત્ર્ય બીજાઓ માટે આદર્શરૂપ છે. એવા ચારિત્ર્યથી વ્યક્તિ આદર્શ બની જાય છે.

સિક્કાની બીજી બાજુ જેમ, ઘણાં એનાથી વિરુદ્ધ વર્તે છે અને બદનામી, માનહાનિ, કલંક સાથે જીવે છે.

સારા વાંચનથી ચારિત્ર્યનો ઝડપભેર વિકાસ થાય છે. મહા પુરુષોના જીવન ચરિત્રો વાંચો. કુટુંબ, પરિવાર અને સંતાનો એવું વાંચે, વંચાવે એમ કરો. બને તો સારા ચારિત્ર્યનું તમે નિર્માણ કરો. આદર્શ બનો.

ઘણાં ને કોઈના ચારિત્ર્ય હનન માં વિકૃત આનંદ આવતો હોય છે. તેઓ અન્યનું ખરાબ કે ખોટું દેખાય તે માટે ગંદા ગલીચ પ્રયોગો કરતા અચકાતા નથી. જૂઠા આક્ષેપો કરવા અને જાતીય ચરિત્રને લગતી એલફેલ બાબતો કહેતા ફરતા હોય છે.

સરવાળે એવા વ્યક્તિ, લોકોની નજરમાંથી ઉતરી જાય છે. તેમનું માન સન્માન કંઈ રહેતું નથી. તેમના પદ, પ્રતિષ્ઠા, હોદ્દો, આવડત અને વિવેક નાશ પામે છે. બીજાઓ પ્રત્યેનો એમનો દુર્વ્યવહાર કોઈ ઈર્ષાથી, ચીડ,પૂર્વગ્રહ કે ખોટી ધારણાથી પ્રેરિત હોય છે.

કોઈનું ખરાબ વિચારો નહિ. કોઈના વિષે ખરાબ બોલો નહિ. આપણું વર્તન આપણું ચારિત્ર્ય કેવું છે તે દર્શાવે છે. પાંચ પચીસ ના મેળાવડામાં તમારું સ્થાન, તમારું ચારિત્ર્ય નક્કી કરે છે. જેવું આપશો તેવું પામશો. જે વાવશો તેજ ઉગશે. જગત અરીસો છે. જેવા હશો તેવા દેખાશો.......!!!

★રસિકભાઈ વી પરમાર "રવ" પાટણ (ઉ.ગુ.)★
★તા. ૨૭/૦૩/૨૩★
**********************************

**N.O.G S.S No. 130**
વિષય - ચારિત્ર્ય
શીર્ષક - પ્રમાણપત્ર
શબ્દો - ૩૪૯
લેખકનું નામ - જાનકી સોની

ચારિત્ર્ય શબ્દ સાથે ઘણું બધુ જોડાયેલુ છે અને સમાજમાં ચારિત્ર્ય માટે ઘણી બધી માન્યતા પ્રવર્તે છે અને આપણી પ્રવૃત્તિને ચારિત્ર્ય સાથે જોડી દેવામાં આવે છે જેમ કે કોઈ છોકરી જો કોઈ છોકરા સાથે જાહેરમાં કોઈ સ્થળ પર દેખાય તો અમુક લોકો તે છોકરી સારી નથી કારણકે તે જાહેરમાં કોઈ છોકરા સાથે દેખાય છે માટે. આપણે ત્યાં ધૂમ્રપાન કરતાં યુવકો પર કોઈ ટિપ્પણી કરે તો પણ તેને ચારિત્ર્ય સાથે જોડીને ટિપ્પણી નથી કરતાં પરંતુ ધૂમ્રપાન કરતી કોઈ યુવતી દેખાઈ જાય તો તે બાબતને સીધી તેના ચારિત્ર્ય સાથે જોડી દેવામાં આવે છે જેમ કે ધૂમ્રપાન કરતી યુવતી ચારિત્ર્યની બાબતમાં સારી ના જ હોઈ શકે. આપણે જે વસ્ત્રો પહેરીએ છીએ તેને પણ આપણાં ચારિત્ર્ય સાથે જોડી દેવામાં આવે છે જેમ કે અમુક પ્રકારના વસ્ત્રો પહેરતા લોકો સારા ઘરનાં ના કહેવાય તેમજ અમુક ઉંમર પછી અમુક જ પ્રકારના વસ્ત્રો શોભે.

હદ તો ત્યારે પણ થાય છે કે જ્યારે આપણાં વ્યવસાય કે નોકરી પરથી લોકો આપણને ચારિત્ર્યનું પ્રમાણપત્ર આપે છે જેમ કે અમુક સ્ત્રીઓ સેલ્સ-માર્કેટિંગ માટે કામ કરતી હોય તો તે સારી નાં કહેવાય કારણકે તેમને તો અલગ અલગ લોકો સાથે મળવાનું થતું હોય તો એવા લોકો પર ભરોસો ના કરી શકાય.

ઘણી વખત આપણી ન્યાત કે સમાજ પરથી પણ લોકો આપણાં વર્ણને લગતી ટિપ્પણી કરે છે જેમ કે લગ્ન કરવા હોય તો અમુક ન્યાતમાં લગ્ન ના કરાય કારણકે તે ન્યાતનો વર્ણ નીચો છે જેથી તે લોકો સારા ના ગણાય અને તેમની ન્યાતમાં લગ્ન ના કરી શકાય.

આપણે ગમે તેટલા આગળ વધ્યા હોય તો પણ સમાજમાં અમૂક લોકો પોતાની માનસિકતા બદલી શકતા નથી જેમ કે જ્યારે પણ કોઈ ઉમેદવાર નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા માટે જાય અને તેમાં પણ ખાસ કરીને મહિલા ઉમેદવાર હોય અને તે ડિવોર્સી હોય કે મોટી ઉંમર સુધી અપરિણીત હોય તો તરત જ તેના ચારિત્ર્ય માટે અમુક પ્રકારની માન્યતા રાખવામાં આવે છે.

સ્ત્રી હોય કે પુરુષ પરંતુ જો તેને બીજા લગ્ન કર્યા હોય તો સમાજમાં અમુક લોકો કે જેઓ તેમના માટે કશું જ નથી જાણતા તે છતાં પણ તેમના ચારિત્ર્ય માટે અમુક પ્રકારનાં વણજોઈતા પ્રમાણપત્ર આપી દે છે.

મિત્રો, આ લેખમાં મેં મારો અભિપ્રાય વ્યક્ત કર્યો છે તો અહી મારો કોઈ હેતુ કોઈની પણ લાગણી કે વિચારોને ઠેસ પહોંચાડવાનો નથી.

******†************************†**

**NOG SS N0: 127**
વિષય -ચારિત્ર્ય
કહેવાય છે કે
ચારિત્ર્ય થી જ જીવન ઘડાઈ છે
મહેકે છે જિંદગી અવનવા રંગો થી
પણ ચારિત્ર્ય તો સફેદ રંગ થી જ નીખરાઈ છે
ઊજળું છે કપડું ને જુઠ નો જો મેલ હોઈ
ઠાઠ ગજબ નો પણ સ્વાર્થ નો જો ખેલ હોઈ
કહેવાય છે કે
ચારિત્ર્ય થી જ સંબંધો રોપાઈ છે
બન્ને છે વ્રુક્ષ અને છાંયડો મેળવાઈ છે.
દીઠું નથી કંઇ અસંસ્કારી નું રાજ હીદય માં
ચારિત્ર્ય જો નબળું એ નજરો થી પણ પડી જાય છે.
કહેવાય છે કે
ચારિત્ર્ય થી જ જીવન ઘડાઈ છે
મહેકે છે જિંદગી અવનવા રંગો થી
પણ ચારિત્ર્ય તો સફેદ રંગ થી જ નીખરાઈ છે.
નવા જમાના ની નવી છે પ્રેમરીત
રંગે જો સફેદ હોઇ , એજ મનમિત હોઇ
કહેવાય છે કે
રંગોનું ગણિત અજોડ છે પ્રેમ થી પ્રેમ બસ
ન સરવાળા સુંદરતા નાં
ન બાદબાકી પૈસાની જોવાઈ છે.
કહેવાય છે કે
ચારિત્ર્ય થી જ જીવન ઘડાઈ છે
મહેકે છે જિંદગી અવનવા રંગો થી
પણ ચારિત્ર્ય તો સફેદ રંગ થી જ નીખરાઈ છે.
અલ્પા મહેતા.રાજકોટ
**********************************

***NOG SS NO:-* 088**
★વિષયઃ-★ ચારિત્ર
★શીર્ષકઃ-★ સાચું ચારિત્ર સર્ટીફીકેટ
★શબ્દોઃ-★ ૩૩૫

મહાનગરની અનેક ખ્યાતનામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સૌથી મોખરાનું સ્થાન ધરાવતી સંસ્કાર વિદ્યામંદિર શાળાના આચાર્ય કામનાપ્રસાદનો બાહોશ વહીવટકર્તા તરીકે એક અલગ જ દબદબો હતો.

હજુ હમણાં જ એડમીશન લીધેલ રૂચિને એમની ઓફિસમાં સામે બેસાડીને કામનાપ્રસાદ આજે તેનું કાઉન્સિલિંગ કરતા હતા. તેઓ દરેક સુંદર નવી આવનાર દીકરીઓને શાળા છૂટયા પછી પોતાની ઓફિસમાં બોલાવી કાઉન્સિલિંગ કરતા. ત્યાર પછી તે અલ્લડ દીકરી અચાનક જ જાણે ધીરગંભીર બની પોતાના શરીરને સાવ સંકોરીને બેસતી.

વર્ષો પહેલાં આ શાળામાંથી અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલી મોના અચાનક શાળામાં આવી ચઢે છે. આચાર્યની રજા લઈ ઓફિસમાં પ્રવેશ કરતાં જ તેની વેધક નજર રૂચિ પર પડે છે. પરસેવાથી રેબઝેબ રૂચિ કાંઈક વિશેષ ગભરાયેલી લાગતી હતી.. અનુભવી મોના પરિસ્થિતિ સમજી જાય છે..

ત્યાં જ કામનાપ્રસાદે તેને આવવાનું કારણ પૂછ્યું.. મોનાએ કહ્યું, "સર મારે આગળ અભ્યાસ હેતુ.. ચાલચલગતનું (ચારિત્રનું) પ્રમાણપત્ર જોઈએ છે.. જે આપ આપી શકશો.."

સાહેબે રૂચિને જવાનો ઈશારો કર્યો.. જાણે શિકારીના પંજામાંથી હરણી છૂટીને ભાગે એમ એ દોડી ગઈ..

મોનાની નજીક સરકતાં સરના હાથ મોનાના ઘાટીલાં અંગો પર ફરવા લાગ્યા.. મોના અંદરથી સમસમી ઊઠી.. તેણે વિરોધ કરતાં.. સરે નફફટાઈથી કહ્યું.., "કમ ઓન ડાર્લિંગ આપણે અગાઉ અનેકવાર આ કરી ચૂક્યા છીએ.. આવ ફરી એકવાર મોજ કરી લઈએ.."

મોના તરત ઊભી થઈ.. એનામાં જેટલી હિંમત હતી એટલી એકઠી કરી.. સૂતેલું જોર જગાડી જોરથી તમતમતો તમાચો આચાર્યને ચોડી દીધો.. "લંપટ, બેશરમ તને મારા ગુરુ કહેતાં શરમ આવે છે.. જો હવે પછી ક્યારેય તમારી ઓફિસમાં આ રીતે દીકરીઓને બોલાવીને ગંદી હરકતો કરી છે તો.. હું તમને એરેસ્ટ કરાવી દઈશ.. હું ચારિત્રનું સર્ટિ લેવા નહિ.. તમને સાચું ચારિત્ર શું તે શીખવાડવા આવી હતી.. મારી પોસ્ટિંગ મહિલા સુરક્ષા અધિકારી તરીકે અહીં થઈ છે. હવે હું તારા જેવા નરાધમોના હાથે દીકરીઓનો શિકાર નહિ થવા દઉં.." કહી તે ઓફિસની બહાર નીકળી ગઈ..

બીજા જ દિવસે એણે દરેક શાળાઓમાં મહિલા સુરક્ષા સમિતિ રચવા આદેશ જારી કર્યા અને દીકરીઓ પોતાની સ્વરક્ષા માટે શું કરી શકે.. તેની શિબિરો શરૂ કરી..

એક વિશાળ સભા સંબોધતાં મોનાએ કહ્યું..★"હવે દીકરીઓને ચારિત્ર નિર્માણ ને સ્વરક્ષાની જરૂર છે..નહિ કે ચારિત્ર સર્ટીફીકેટની.."★

★લેખકનું નામઃ-★ ડૉ. મનીષા વ્યાસ
**********†******************

**NOG.SS.No.0098**
વિષયઃ- ચારિત્ર્ય
શીર્ષકઃ- નિરુત્તર
નામઃ- લીના શર્મા (હાલોલ)

ભારત પુરુષ પ્રધાન દેશ છે અને આ વાત નું અહેસાસ પુરુષો સ્ત્રીઓને રોજ મરાના જીવનમાં પોતાના વર્તનથી આજે પણ દિવસમાં કેટલીક વખત કરાવી દે છે....

જેમકે સ્ત્રીઓ ...એક જ રિક્ષાવાળા ભાઈના રિક્ષામાં બેસે તો... એક જ શાકભાજી વાળા ભાઈ થી શાક ખરીદી લેતો...

એક જ ડોક્ટર થી ઘડી ઘડી દવા લેવા જાય તો.... એક જ બંગડી વાળા થી બંગડી પહેરીને આવે તો.... દફતરમાં કાર્ય કરતા સહકર્મી જોડે વધારે વાતચીત થાય તો...... એક જ ફળ વાળા થી ફળ ખરીદી લેતો.... રાજનીતિમાં પ્રવેશે ને લોકોથી મેળ મુલાકાત કરે તો.... સામાજિક ગતિવિધિઓમાં વધારે જોવા મળે તો.... વ્યાપારમાં આગળ વધી જાય તો.... અમુક વખત તો કામવાળી બાઈ વધારે કામ હોવાથી ઘરે મોડું જવાનું થઈ જાય તો..... બેનપણીઓ જોડે વધારે મોજ મસ્તી કરી લે તો..... આજુબાજુ વાળાઓથી રિશ્તેદારોથી હસીને વાતો કરી લે તો.... રાત દિવસ જોયા વગર મદદ કરવા તત્પરતાથી આગળ રહેતો.....

કપડામાં કે સાંજ શૃંગારમાં થોડું પરિવર્તન દેખાય તો... પુરુષો દ્વારા કરાયેલા એટલા બધા પ્રશ્નો પ્યારથી , રોષથી, ક્રોધ થી મારપીટ થી, અભદ્ર ભાષા નો ઉપયોગ તો કંઈક તીક્ષ્ણ બાણ થી દિલ પર ઘા કરતા વાક્યો સ્ત્રીના ચારિત્ર પર પ્રહાર કરે છે.

મિત્રો, બધી સ્ત્રીઓ સરખી નથી હોતી છતાંય ચારિત્ર્ય નું પણ કોઈ પ્રમાણપત્ર હોતું નથી.

લીના શર્મા..
*********************************

**NOG..Ss.no.73**
વિષય..ચરિત્ર
શીર્ષક...શંકા

ચારિત્ર શબ્દ એટલે ચાલ ચલન વર્તણૂક કે પછી વ્યક્તિને માપવાનો એક માપદંડ, આ માપદંડ પુરુષ કરતા સ્ત્રીને વધારે લાગુ પડે,આજના સુધરેલા એકવીસમી સદીમાં પણ કોઈ સ્ત્રી જો પુરુષ જોડે હસીને વાત કરે તો તે ખરાબ કહેવાય કોઈ સ્ત્રી જોરથી હશે,તો પણ ખરાબ,કોઈ સ્ત્રી પોતાની મરજીથી એકલી જીવવા ચાહે તો પણ એ ખરાબ આ બધા લેબલો આપણા ભદ્ર સમાજમાં સ્ત્રી ઉપરજ લગાવવામાં આવે કારણકે પુરુષ તો પુરુષ છે,એ ગમે તે કરે કોઈ શંકા ની નજરે ના જોવે તો શુ! આ ચારિત્ર શબ્દ બંનેને લાગુ ના પડે,?જ્યા સુધી આપણે આપણી નજર કે નજરીયો નહીં બદલીએ ત્યાં સુધી એક સ્વતંત્ર રીતે જીવતી મુક્ત મને હસતી સ્ત્રીઓ ને દરેક શક ની નજરે જ જોશે,પરંતુ હવે સ્ત્રી પણ સક્ષમ થઈ ગઈ છે,એને કોઈના સર્ટિફિકેટ ની જરૂર નથી, જે સ્ત્રીજ પોતાના બાળકોમાં સંસ્કાર અને સારા ચરિત્રનું ઘડતર કરે છે,એવી સ્ત્રી જ્યારે પોતાના માટે થોડુક જીવવાની કોશિશ કરે,ત્યારે એની તરફ શંકા ની નજરે જોવું ,કે એની ઉપર શક કરવો એ સુધરેલા સમાજની સિક્કાની બીજી બાજુ કહેવાય....

નયના પટેલ..નૈન.

## વડાપ્રધાન મોદીએ નિખત ઝરીનને કહ્યું રિયલ ચેમ્પિયન, લવલીનાને પણ 'ગોલ્ડ ' માટે અભિનંદન પાઠવ્યા

નવીદિલ્હી,તા.૨૭

વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૩માં ભારતીય ખેલાડીઓએ શાનદાર રમત બતાવીને ચાર ગોલ્ડ મેડલ જીત્યા હતા. શનિવારે સ્ટીવી બૂરા અને નીતુ ગંગાસ પછી, નિખત ઝરીન અને પછી લોવલિનાએ પણ રવિવારે પોતપોતાની વેઈટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો. નિખતનું આ સતત બીજું અને લવલીનાનું પ્રથમ વર્લ્ડ ચેમ્પિયન ટાઈટલ છે. ૫૦ કિગ્રા વર્ગમાં પ્રથમ વખત ભાગ લેનાર નિખતે વિયેતનામના ન્ગુયેન થી ટેમને ખિતાબી મુકાબલામાં ૫-૦થી પરાજય આપ્યો હતો. બીજી તરફ બે વખતની બ્રોન્ઝ મેડલ વિજેતા લોવલીનાએ ઓસ્ટ્રેલિયાની કેટલીન પાર્કરને ૫-૨થી હાર આપી હતી.



જીત બાદ આ બંને બોક્સર સોશિયલ મીડિયા પર પોપ્યુલર થઈ ગયા. અભિનેતાઓથી લઈને ક્રિકેટરો અને રાજકારણીઓએ આ સ્ટાર ખેલાડીઓને તેમની ઐતિહાસિક જીત માટે અભિનંદન આપ્યા, જેમણે દેશનું ગૌરવ વધાર્યું. અભિનંદન પાઠવનારાઓમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સામેલ હતા.

તેમના સિવાય ગૃહમંત્રી અમિત શાહ, ખેલ મંત્રી અનુરાગ ઠાકુર અને પૂર્વ ક્રિકેટર મિતાલી રાજ જેવા મોટા નામ સામેલ હતા.

રવિવારે પહેલી મેચ નિખત ઝરીનની હતી.

તે ચેમ્પિયન બનતાની સાથે જ પીએમ નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને આ ચેમ્પિયનને અભિનંદન પાઠવ્યા હતા. તેણે કહ્યું કે નિખત એક અદ્ભુત ચેમ્પિયન છે જેણે ઘણા પ્રસંગોએ દેશને ગૌરવ અપાવ્યું છે. આ પછી તેણે લવલીનાને પણ અભિનંદન પાઠવ્યા અને કહ્યું કે, આ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં લોવલીનાએ શાનદાર પ્રદર્શન કર્યું છે.

ભારતને તેની જીત પર ગર્વ છે.બોલિવૂડ એક્ટર અભિષેક બચ્ચને ટ્વિટ કરીને બંને ચેમ્પિયનને અભિનંદન પાઠવ્યા હતા. તેણે કહ્યું કે ખેલાડીઓની મહેનત રંગ લાવી છે અને દેશને આનાથી મોટી ખુશી ન મળી શકે. ભારતીય ક્રિકેટર મિતાલી રાજે ચાર વર્લ્ડ ચેમ્પિયનનો ફોટો શેર કર્યો છે.

## કાફલા સાથે ગાય અથડાતા અતિક અહેમદની વાન પલટી જતા બચી

શિવપુરી,તા.૨૭

મધ્યપ્રદેશના શિવપુરીમાં અતીક અહેમદની વાનને ગંભીર અકસ્માત થતા થતા રહી ગયો છે. એક સમયે તો બાહુબલી અતીકને પણ લાગ્યુ હશે કે ખેલ ખતમ. જ્યારે અતીક અહેમદની લઈને ઉત્તર પ્રદેશ પોલીસનો કાફલો શિવપુરી પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે એક ગાય અતીક અહેમદની વાન સાથે અથડાઈ હતી. વાન ચલાવતા ડ્રાઈવરની સમય સુચકતાને કારણે કોઈ ગંભીર અકસ્માત સર્જાયો ન હતો.અતીક અહેમદને લઈને આવતો કાફલો આજે સવારે સાડા છ વાગ્યે રાજસ્થાનથી શિવપુરી જિલ્લાની સરહદમાં પ્રવેશ્યો હતો. કાફલામાં સામેલ તમામ વાહનો તેંદુઆ પોલીસ સ્ટેશન હેઠળના નેશનલ હાઈવે પરના ટર્નિંગ પોઈન્ટ પાસે સવારે ૭:૦૯ વાગ્યે રોકાઈ ગયા હતા અને અતીક અહેમદ પણ થોડી શંકા જતા અહીં નીચે ઉતર્યા હતા. આ દરમિયાન તેણે હાજર પ્રેસને કહ્યું – 'શેનો ડર.'

કોર્ટના આદેશ પર, પ્રયાગરાજથી એસટીએફ સાથે પોલીસ અધિકારીઓ રવિવારે સવારે સાબરમતી જેલ પહોંચ્યા અને અતીકને તેમની કસ્ટડીમાં લેવા માટે કાગળની કાર્યવાહી શરૂ કરી. પોલીસ ટીમ અતીક અહેમદ સાથે ગઈકાલે સાંજે પોણા છ વાગ્યે, અમદાવાદના સાબરમતી સેન્ટ્રલ જેલથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ જવા રવાના થઈ. અતીકને રોડ માર્ગે પ્રયાગરાજ લાવવામાં આવી રહ્યો છે. અતીકને લઈ જઈ રહેલા કાફલાએ અત્યાર સુધીમાં કુલ નવ સ્થળોએ નાનો મોટો વિરામ લીધો હતો.અતીક અહેમદની બહેને, અતીકના એક્રાઉન્ટરની આશંકા વ્યક્ત કરી છે. અતીક અહેમદની બહેને કહ્યુ કે, ગઈકાલે જ મારા ભાઈએ તેના એક્રાઉન્ટર વિશે જણાવ્યું હતું. તેનો ડર સાચો છે. તેનું એક્રાઉન્ટર થઈ શકે છે. અતીક અહેમદની બહેને એમ પણ કહ્યું કે, મારા ભાઈની તબિયત સારી નથી. તેમ છતાં તેને અમદાવાદની સાબરમતી જેલમાંથી ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે લાવવામાં આવી રહ્યો છે.

## દેશ પાકિસ્તાની સેનાના હાથમાં રહેશે

ઈસ્લામાબાદ,તા.૨૭

શ્રીલંકા અને યુક્રેન બાદ હવે પાકિસ્તાનમાં માર્શલ લો લાગુ થઈ શકે છે. પાકિસ્તાનમાં જમાત-એ-ઈસ્લામીના વડા સિરાજુલ હકના નિવેદન બાદ તેના અમલીકરણની ચર્ચા થઈ રહી છે. સિરાજુલ હકનું કહેવું છે કે, પાકિસ્તાન ડેમોક્રેટિક મૂવમેન્ટ અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે દેશમાં માર્શલ લૉ લાગુ થઈ શકે છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં હવે અરાજકતા ફેલાઈ રહી છે.

વર્તમાન સરકારની નિંદા કરતા સિરાજુલ હકે કહ્યું છે કે પીડીએમ સરકાર દેશ માટે બોજ બની ગઈ છે અને વિપક્ષને દબાવવાનું કામ કરી રહી છે. આવી સ્થિતિમાં, સવાલ એ છે કે માર્શલ લો શું છે, ક્યારે અને કેવી રીતે લાગુ કરવામાં આવે છે અને પાકિસ્તાનમાં પહેલીવાર ક્યારે લાગુ કરવામાં આવ્યો હતો.

સરળ ભાષામાં સમજીએ તો, જ્યારે માર્શલ લો લાગુ થાય છે, ત્યારે દેશનું નિયંત્રણ સંપૂર્ણપણે સેનાના હાથમાં આપવામાં આવે છે. સેના દેશ ચલાવે છે. જો કે, એવું જરૂરી નથી કે આ કાયદો આખા દેશમાં લાગુ કરવામાં આવે, તે દેશના એક ભાગમાં પણ લાગુ થઈ શકે છે. આ જ કારણ છે કે તેને લશ્કરી કાયદો પણ કહેવામાં આવે છે. આ ખાસ સંજોગોમાં કરવામાં આવે છે.

પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ૪ વખત માર્શલ લો લાગુ કરવામાં આવ્યો છે. તે સૌપ્રથમ ૧૯૫૮ માં લાગુ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન આર્મીના રાવલપિંડી વિભાગે બંધારણના નિયમો વિરુદ્ધ ગેરકાયદેસર રીતે તેનો અમલ કર્યો હતો. આ દરમિયાન અનેક નેતાઓ, નાગરિકો અને પત્રકારોની હત્યા કરવામાં આવી હતી.

દેશમાં કટોકટીની સ્થિતિ કેટલી હદે છે અને સરકાર તેનો સામનો કરવામાં કેટલી નિષ્ફળ સાબિત થઈ રહી છે તે જોઈને માર્શલ લો લાગુ કરવામાં આવે છે. તે વિવિધ પરિસ્થિતિઓમાં લાગુ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, યુદ્ધની ઘટનામાં, યુદ્ધના ભાગ જીત્યા પછી, બળવા પછી અથવા મોટા પાયે કુદરતી આફત. આવી સ્થિતિમાં દેશનું નિયંત્રણ માત્ર સેના જ કરે છે.

વિશ્વના ઘણા દેશોમાં માર્શલ લો લાગુ કરવામાં આવ્યો છે. શ્રીલંકામાં બેફામ જનતાને કારણે આર્થિક કટોકટી પછી વાવેતર. યુદ્ધની શરૂઆત પછી યુક્રેનમાં અમલમાં આવ્યું. બીજા વિશ્વયુદ્ધ પછી, જર્મની અને જાપાનની સેનાએ દેશની કમાન સંભાળી. તે જ સમયે, પાકિસ્તાનમાં ૪ વખત માર્શલ લૉ લાગુ કરવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં, સેના ન્યાય આપવા માટે વિશેષ ટ્રિબ્યુનલની નિમણૂક કરે છે.

લશ્કરી કાયદો માત્ર એક જ છે, પરંતુ તેને લાગુ કરવાની પદ્ધતિઓ એકથી બીજી બદલી શકાય છે. ઉદાહરણ તરીકે, કર્ફ્યુ સંબંધિત નિયમો અલગ હોઈ શકે છે. લશ્કરી કાયદો લાદ્યા પછી, લોકો ત્યાં ફરવા સક્ષમ હશે કે નહીં તે લશ્કર નક્કી કરે છે. આ સિવાય નાગરિક કાયદા પર પ્રતિબંધ છે.

NEWS OF GANDHINAGAR_P-3

**'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે તા.૦૨–૦૪–૨૦૨૩ના રોજ**

# 'નિષ્કુળાનંદ કાવ્ય-૭ ધીરજાખ્યાન' વિષય પરનું ૧૦૧મું પ્રવચન યોજાશે

ભગવાને મારી રક્ષા કેમ ન કરી? હું જ મળ્યો? મને આ દુઃખ આવ્યું જ કેમ? મેં આટલું ભજન કર્યું. સત્સંગ કર્યો અને મને જ, મારા કુટુંબને જ દુઃખ?

આવા પ્રશ્નો ભક્તિ કરનારને થતા હોય છે. હા, આ પ્રશ્નના ઉત્તર માટે જ આ પ્રવચન છે. નબળા મનના ભક્તોને સમજાવવા, ભક્તિ-ઉપાસના દૃઢ કરાવવા, ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં સત્સંગની દૃઢતા ટકાવી રાખવા, તેમજ સાચા શૂરવીર ભક્ત બનાવવા માટે આ ધીરજાખ્યાન ગ્રંથ પરનું પ્રવચન છે.




ગુજરાતના છેવાડાના જામનગર જિલ્લાના એક નાનકડા શેખપાટ ગામમાં ૨૩૫ વર્ષ પહેલાં જન્મેલ, ઓછું ભણેલ, લાકડું ઘડતાં ઘડતાં વૈરાગ્યની વાતો કરનાર અને ભગવાન સ્વામિનારાયણનો યોગ થતાં સાધુ થઈને ૨૩ થી વધારે ગ્રંથો લખનાર નિષ્કુળાનંદ સ્વામીનો ગ્રંથ એટલે ધીરજાખ્યાન. જેમાં એકવીસ જેટલા પ્રાચીન ભક્તોની ધૈર્યગાથાઓ સ્વામીએ સ્વકલમે આલેખી છે. ઉત્તમ સમજણની સંજીવની એટલે ધીરજાખ્યાન. કષ્ટો સહન કરી ધીરજ રાખતાં રાખતાં પરમ સુખ-આનંદની અનુભૂતિ માણવા શીખવા માટે, ગ્રંથ વાંચનાર તેમજ સાંભળનાર બંનેને આ લોક-પરલોકમાં સુખી થવા માટે આર્ષ પ્રવનમાળાના આ વખતના મણકાનો લાભ લઈએ. આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૧૦૧ શાસ્ત્ર અંતર્ગત 'નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથ- ધીરજાખ્યાન' વિષય પર પ્રવચનનું આયોજન તા.૦૨–૦૪–૨૦૨૩, રવિવાર સાંજે ૦૫-૦૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન રાખેલ છે. જેમાં આ ધીરજાખ્યાન શાસ્ત્ર ગ્રંથના વિદ્વાન અને અનુભવી ષડદર્શનાચાર્ય, પી.એચ.ડી., ડી.લીટ., આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી પોતાની લાક્ષણિક શૈલીમાં આ વિષય પર પ્રવચન આપશે. સાથે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીના આશીર્વચનનો પણ લાભ મળશે.

આ પ્રવચનનો લાભ લેવા સુજ્ઞ જનતાને ભાવભીનું નિમંત્રણ છે.

# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી રાજકોટમાં પરમ જીવદયા રથની શરૂઆત

અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પરમ જીવદયા રથ(અબોલ જીવોનું હરતું ફરતું અન્નક્ષેત્ર)ની શરૂઆત કરવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ - એનિમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા ચલાવવામાં આવતા પરમ જીવદયારથને વિમળાબેન દિલીપભાઇ મહેતા તથા દ્વારા ઉમાબેન મહેન્દ્રભાઈ મહેતાનાં (હ. હિતેનભાઈ મહેતા) સ્મરણાર્થે અનુદાન આપવમાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષોથી કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન કાર્યરત છે જે નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા છે. સંસ્થા ભારત સરકારનો સર્વશ્રેષ્ઠ એવોર્ડ વિજેતા છે. એનીમલ હેલ્પલાઈન દ્વારા રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. રાજકોટનાં વિવિધ ચબૂતરાઓમાં પરમ જીવદયા રથ (હરતું ફરતું અન્નક્ષેત્ર) દ્વારા જરૂરિયાત મુજબ દરરોજ ૫ થી ૧૫ ગુણી ચણ નાખવામાં આવે છે. ખિસકોલીઓને ૨૫ કિલો મકાઈ નાંખવામાં આવે છે. દરરોજ ૫ થી ૧૫ કિલો કીડિયારું પૂરવામાં આવે છે .દરરોજ માછલીઓને ૩૦ કિલો લોટ ની ગોળી નાખવામાં આવે છે. દરરોજ ૭૦૦ જેટલા શ્વાનોને વિવિધ વિસ્તારોમાં, વિશેષ વાહનમાં જઇને દૂધ - રોટલીનો ભરપેટ શાકાહારી ભોજન પ્રસાદ આપવામાં આવે છે. દરરોજ ગૌ માતાઓને/ગૌ વંશને ઘાસ-ખોળ પીરસવામાં આવે છે.દરરોજ રૂ. ૧૫૦૦૦ નાં માતબર ખર્ચે ચાલતા અબોલ જીવોનાં આ અન્નક્ષેત્રમાં સૌનો નાનો-મોટો આર્થિક સહયોગ આવકાર્ય છે. વસ્તુ સ્વરૂપે પણ દાન આપી શકાશે.ઓનલાઇન અનુદાનની પણ વ્યવસ્થા છે,આપ જાણ કરશો તો આપને ત્યાંથી અનુદાન લેવા આવવાની પણ વ્યવસ્થા છે. સમગ્ર આયોજન અંગે સેતુરભાઈ દેસાઈ , હિતેનભાઈ મહેતા , હિમાંશુભાઈ શાહ , જયેશભાઇ મહેતા, વિશાલભાઈ દેસાઈ , જતિનભાઈ મહેતા , મલયભાઈ કોઠારી , કલ્પેશભાઈ કામદાર સહિતના અર્હમ યુવા સેવા ગ્રૂપનાં સેવાભાવીઓનો સતત સહયોગ મળી રહ્યો છે. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત પરમ જીવદયા રથ અંગેની વિશેષ માહિતી માટે સેતુરભાઈ દેસાઈ (મો. ૯૮૯૮૨૩૦૯૭૫) , હિમાંશુભાઈ શાહ (મો. ૯૮૯૮૦૪૮૧૩૯), જયેશભાઇ મહેતા (મો. ૯૮૨૪૧૫૪૫૪૨), મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯) , પ્રતિકભાઈ સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) , ધીરુભાઈ કાનાબાર (મો. ૯૮૨૫૦૭૭૩૦૬) , રમેશભાઈ ઠક્કર (મો. ૯૯૦૯૯૭૧૧૧૬) એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ , ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ ભરતભાઈ મહેતાનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## सत्य परेशान हो सकता है, पराजित नही।
## ईतने बाजू ईतने सर गिनले दुश्मन जान से।
## हारेगा वो हर बाजी जीतेंगे हम शान से।

# જીપેરી-જીટીયુ દ્વારા સ્પોર્ટ્સ ફેસ્ટ 'શૌર્ય' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, મેવડ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસની સિદ્ધિ. "સ્પોર્ટસ ફોર ઓલ" ની વિભાવનાને ધ્યાનમાં રાખીને ૨૭ માર્ચ ૨૦૨૩ ના રોજ સ્પોર્ટસ ફેસ્ટ 'શૌર્ય' નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ૨૪ માર્ચ, ૨૦૨૩ દરમિયાન બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ અને ચેસ જેવી ઇન્ડોર રમતોના સંચાલન સાથે શરૂ થયો હતો. ઈવેન્ટની શરૂઆત કોલેજના ઓડિટોરિયમમાં ૨૭ માર્ચ, ૨૦૨૩ ના રોજ 'મશાલ રન' સાથે કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. સચીન પરીખ; સંયુક્ત નિયામક, ડી.ટી.ઈ., ડો. આકાશ ગોહિલ, જીટીયુ સ્પોર્ટ્સ ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. તેમને જણાવ્યુ હતું કે સ્પોર્ટસ એક આળસુ વ્યક્તિને સ્ફૂર્તિલું અને વૃદ્ધ વ્યક્તિને યુવાન બનાવવાની તાકાત રાખે છે. દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં એક સ્પોર્ટસ રમત અવશ્ય અપનાવવી જોઈએ. સંસ્થાના આચાર્ય શ્રી ડો. ચિરાગ વિભાકર એ પોતાની આગવી વાકશૈલી થી વિદ્યાર્થીઓના આનંદમાં વધારો કરાવ્યો હતો. આ દિવસે આઉટડોર રમતો જેવી કે ફૂટબોલ, વોલીબોલ, કબડ્ડી અને ક્રિકેટ ઉપરાંત



**૪૦ ટકા મહિલા ભાગીદારી સાથે આ કાર્યક્રમમાં ૩૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનાર હોલમાં વિદાય સમારોહ યોજાયો હતો**

ઇન્વિન્સીબલ યુથ બ્રિગેડ એનજીઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સાહસિક પ્રવૃત્તિઓ વધે એ માટે જીપ લાઇન, રેપલીગ અને રાયફલ શૂટિંગ નું આયોજન કરવામાં આવેલ હતુ. એથ્લેટિક્સ રમતો જેવી ૫૦ અને ૧૦૦ મીટર દોડ, શોટ પુટ, બરછી ફેંક, ડિસ્કસ થ્રો, લાંબી કૂદ, અને ટગ ઓફ વોર જેવી મનોરંજક પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ૪૦ ટકા મહિલા ભાગીદારી સાથે આ કાર્યક્રમમાં ૩૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનાર હોલમાં વિદાય સમારોહ યોજાયો હતો. વિજેતાઓને તેમની સિદ્ધિઓ માટે હાજર મહાનુભાવો દ્વારા મેડલ અને ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા. સહભાગીઓને પણ સમગ્ર ઈવેન્ટ દરમિયાન તેમના ઉત્સાહ અને સક્રિય ભાગીદારી માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ડો. નરહરિપ્રસાદ સાધુ, રમતગમત પ્રશિક્ષક, જીપેરી અને એમની ટિમ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કો કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે મહેસાણા ન્યાયાલય ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા જણાવ્યું હતું કે 'કોંગ્રેસ પાર્ટીની અને રાહુલ ગાંધીની નીતિ હંમેશા ખૂબ જ સ્પષ્ટ રહી છે, તમે ગમે તેટલી ડરાવવા, ધમકાવવાની કોશિશ કરો, ખોટા કેસ કરો પણ અમારો અવાજ દબાવી શકાશે નહિ. શ્રી રાહુલ ગાંધી આ દેશના સળગતા સામાજિક, આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર બોલવાનું અને અવાજ ઉઠાવવાનું ચાલુ રાખશે'બદનક્ષી વિશે કાયદામાં એક સિધ્ધાંત છે, અને તે એ છે કે તમારે ઓછામાં ઓછા કથિત રીતે ચોક્કસ વ્યક્તિ અથવા ચોક્કસ વસ્તુની બદનક્ષી કરવી જોઈએ. તમે વ્યાપક મુદ્દા વિશે બદનક્ષી કરી શકતા નથી. એવા વિષય વિશે કે જેમાં કોઈ સ્પષ્ટતા નથી, કોઈ ચોક્કસ વ્યક્તિ વિરુદ્ધ કોઈ આરોપ નથી. જો તે આક્ષેપો અસ્પષ્ટ હોય, વધુ વ્યાપક હોય તો તેને બદનક્ષી કહી શકાય નહીં.જે બાબતોને પડકારવામાં આવી હોય તે અંગે કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈ ફરીયાદ દાખલ કરવામાં આવી નથી. જે પણ નામો લેવામાં આવ્યા છે, જે કંઈ પણ કહેવામાં આવ્યું છે, તેમાંથી કોઈએ ફરિયાદ નોંધાવી નથી. તે પણ બદનક્ષીના કાયદાનો ખૂબ જ અભિન્ન ભાગ છે



કે જે વ્યક્તિની બદનક્ષી થઈ છે તેણે ફરિયાદ નોંધાવવાની હોય છે અને તેણે જણાવવાનું હોય છે કે કોઈ ચોક્કસ વ્યક્તિના નિવેદનને કારણે આ વ્યક્તિની કેવી રીતે બદનક્ષી થઈ છે. આ ફરિયાદ તેમાંથી કોઈની નથી.આ કેસમાં કરવામાં આવેલ ફોજદારી કેસની કાર્યવાહી કરતી વખતે, દુષ્ટતાનો ખોટો ઈરાદો સાબિત કરવો જરૂરી છે. જો તમે કોલારનું ભાષણ જુઓ છો, તો તે જનહિત વિશે, રાજકારણ વિશે, મોંઘવારી વિશે, બેરોજગારી વિશે છે. તેમાં કોઈપણ વ્યક્તિ પ્રત્યે દ્વેષની લાગણી નથી. જ્યાં સુધી સંપૂર્ણ સંદર્ભથી આવી દ્વેષની લાગણી સાબિત ના થાય ત્યાં સુધી ગુનો કરવામાં આવ્યો છે એવું કહી શકાય નહી. આ કેસમાં સંપૂર્ણ રીતે સાબિત થઈ શકતું નથી કારણ કે સંદર્ભ સંપૂર્ણપણે અલગ હતો.

આ બાબતો હવે અમોએ વિગતો તપાસવાની છે, પણ અત્યાર સુધી જે હકીકતો મળી છે તે મુજબ, આ બાબત તે લાંબા સમયથી મેજિસ્ટ્રેટ શ્રી સમક્ષ હતી. જ્યારે તે ત્યાં હતાં ત્યારે અરજદાર, ફરિયાદી ઉચ્ચ અદાલત, હાઈકોર્ટમાં ગયા અને આ સમગ્ર પ્રક્રિયા પર સ્ટે લઈ લીધો, લાંબા સમય સુધી, ઘણા મહિનાઓ સુધી તેને અટકાવી દીધી. જ્યારે જે તે વ્યક્તિની બદલી કરવામાં આવી હતી, તે હોદ્દા પરથી દૂર કરવામાં આવી હતી, પછી આ અરજી જે ઉચ્ચ અદાલતમાં દાખલ કરવામાં આવી હતી તે પાછી ખેંચી લેવામાં આવી હતી અને એક અલગ મેજિસ્ટ્રેટ સમક્ષ પાછી આવી હતી જ્યાંથી હવે આ નિર્ણય આવ્યો છે. તેથી અમે તેની તારીખો, આ પ્રક્રિયાને પણ ધ્યાનપૂર્વક જોઈશું કે આ ન્યાયિક પ્રક્રિયા યોગ્ય રીતે થઈ છે કે નહીં. પરંતુ પ્રાથમિક દૃષ્ટિકોણથી, આ મુદ્દો હજી પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. છે કાયદામાં ૨૦૨ નંબરની જોગવાઈ છે, જોગવાઈ ૨૦૨ ખાસ તેમના માટે બનાવવામાં આવી છે કે જો ઘટના કોલારમાં બની હોય અને તમે ત્રિવેન્દ્રમમાં આવીને ફરિયાદ નોંધાવો. આ ઘટના કોલારમાં બની હતી અને તમે શ્રીનગરમાં આવીને ફરિયાદ નોંધાવી હતી, પછી કોઈપણ મેજિસ્ટ્રેટ તેને શરૂ કરતા પહેલા તપાસ કરશે, તે સંપૂર્ણપણે અધિકારક્ષેત્રની અંદર છે કે નહીં તે એક પ્રશ્ન છે. એમાં જોગવાઈ ૨૦૨નો સીધો ભંગ કરવામાં આવ્યો છે. સુરતના મેજિસ્ટ્રેટે જે આસાનીથી આ મામલે કાર્યવાહી કરી અને પછી કોલારના નિવેદન અંગે નિર્ણય આપ્યો તે કાયદાકીય રીતે અત્યંત વાંધાજનક અને પ્રશ્નાર્થ છે, જેનું અમે વિશ્લેષણ કરીશું.

ગઈકાલે સમગ્ર દેશમાં અને ગુજરાતમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા રાહુલજી ના સમર્થનમાં સત્યાગ્રહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ અપેક્ષા મુજબ ભારતીય જનતા પાર્ટીની સરકારે તાનાશાહીનો રસ્તો અપનાવીને આ આંદોલનને કચરવાનો નિરર્થક પ્રયાસ કર્યો હતો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય જગદીશભાઈ ઠાકોર વિરોધ પક્ષના નેતા માનનીય શ્રી અમિત ચાવડા અને સહિત સમગ્ર ગુજરાતના જિલ્લા મથકોએ કોંગ્રેસના કાર્યકર્તાઓને વિરોધ પ્રદર્શન કરતા અટકાવાયા હતા અને પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

શ્રી રાહુલ ગાંધીએ ઉભા કરેલા પ્રજાલક્ષી પ્રશ્નોના જવાબો સંસદમાં ના આપવા માટે આ પ્રકારનો કારસો રચાયો છે.કોંગ્રેસ પક્ષ ન્યાયિક રીતે આ નિલંબન સામે પ્રક્રિયા હાથ કરશે અને સાથે સાથે દેશની જનતાની અદાલતમાં આ પ્રશ્નને વ્યાપક પણે ઉઠાવીને જન સમર્થન મેળવશે.

મહેસાણા ન્યાયાલય ખાતે યોજાયેલ આ પ્રેસ કોંફરન્સમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી રણજીતસિંહ ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી ભૌતિક ભટ્ટ, પૂર્વ રાજયસભા સાંસદ અને વરિષ્ઠ આગેવાન શ્રીમતી અલકાબેન ક્ષત્રિય અને મહેસાણા શહેર કોંગ્રેસ પ્રવક્તા શ્રી કરણ સાગર ઉપસ્થિત રહ્યા હતા.

હેમાંગ રાવલ
મિડિયા કોકન્વીનર, પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ.

# ભારતમાં લોકતંત્ર ઉપર આક્રમણ થઈ રહ્યું છેઃ રોજ નવા નવા ઉદાહરણ જોવા મળી રહ્યા છે

**☐ ભાજપ મુળ મુદ્દાથી ધ્યાન બીજે દોરવા માટે પ્રયત્ન કરે છેઃ પ્રશ્ન એ છે કે બેરોજગારી, મોઘવારી અને અદાણી કૌભાંડ મુદ્દે ભાજપ સરકાર કેમ મૌન?ઃ ડો.રઘુ શર્મા.**

**☐ સત્ય સાથે અહિંસા માર્ગે દેશ માટે લડાઈ લડનાર શ્રી રાહુલજી સાથે સમગ્ર કોંગ્રેસજન ખભેખભા મિલાવીને સંઘર્ષમાં સાથે છેઃ શ્રી જગદીશ ઠાકોર**

શ્રી રાહુલ ગાંધીજીએ કન્યાકુમારીથી કાશ્મીર સુધી સફળતા પૂર્વક ૪૦૦૦ કિમી 'ભારત જોડો' યાત્રા યોજી હતી. મોદી સરકાર અને અદાણીની ભ્રષ્ટાચારની મિલીભગતની પોલ એક પછી એક ખુલી પડી રહી છે ત્યારે શેલ કંપનીના ૨૦૦૦૦ કરોડ કોના તેવો પ્રશ્ન કરતા રાજસ્થાનના પૂર્વ આરોગ્ય મંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ડૉ. રઘુ શર્મા એ જણાવ્યું હતું કે અદાણીજીની શેલ કંપનીઓ છે જેમાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું કોઈએ રોકાણ કર્યું છે. આ નાણાં અદાણીજીના નથી, અદાણીજીનો ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ધંધો છે, પૈસા બીજા કોઈના છે. સવાલ એ છે કે, આ જે ૨૦,૦૦૦ કરોડ રૂપિયા છે તે કોના છે? અને આટલી મોટી રકમ કોણ રોકાણ કરી રહ્યું છે? આદરણીય રાહુલજીએ કોલારના ભાષણમાં જનહિત વિશે, ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી સહીતના વિષયો પર વાત કરી હતી. જેમાં કોઈપણ વ્યક્તિ પ્રત્યે ધ્વેષની લાગણી નથી. જ્યાં સુધી સંપૂર્ણ સંદર્ભથી આવી દ્વેષની લાગણી સાબિત ના થાય ત્યાં સુધી ગુનો કરવામાં આવ્યો છે એવું કહી શકાય નહી. શ્રી રાહુલ ગાંધીના કેસનો ઘટનાક્રમ-ક્રોનોલોજી સમજવા જેવી છે ૭ ફેબ્રુઆરી એ શ્રી રાહુલજીએ પ્રધાનમંત્રી મોદી-અદાણી પર લોકસભામાં ભાષણ આપ્યું, તારીખ ૧૬ ફેબ્રુઆરી એ ફરિયાદીએ ગુજરાત હાઈકોર્ટમાંથી પોતાનો સ્ટે પાછો ખેંચી




લીધો, તારીખ ૨૭ ફેબ્રુઆરી એ સુનાવણી શરૂ થઇ અને માર્ચ ૧૭ જજમેન્ટ રિઝર્વ કરવામાં આવ્યું તારીખ ૨૩ માર્ચ એ જજમેન્ટ આવે છે.

કોર્ટ અને સજા એ માત્ર બહાનું છે અદાણીને બચાવવા માટે શ્રી રાહુલ ગાંધી પર હુમલો કરવામાં આવ્યું છે. નીરવ મોદી ૧૪૦૦૦ કરોડ કૌભાંડ, લલિત મોદી ૫૦૦ કરોડ કૌભાંડ, મેહુલ ચોક્સી ૧૩૫૦૦ કરોડ કૌભાંડ, વિજય માલ્યા ૯૦૦૦ કરોડ કૌભાંડ, ગૌતમ અદાણી કૌભાંડ લાખો કરોડ રૂપીયાનું કૌભાંડ કરી દેશની સંપત્તિ લૂંટે છે અને લૂંટીને ભાગી જાય છે તે દેશદ્રોહી છે. તેની રક્ષા કરનારા દેશના દુશ્મન છે. અને આ તદ્દન સત્ય વાત છે. આદરણીય શ્રી રાહુલ ગાંધીજીએ જણાવ્યું કે દેશની જનતાને સત્ય જાણવામાં રસ છે બીજી કોઈ વાત જાણવામાં રસ નથી. ભલે તેમણે ગેરલાયક ઠેરવે, માર પણ પડે, જેલમાં પણ પુરી દે તેનાથી મને કોઈ ફરક પડતો નથી, તેઓ સત્ય માટેની તપસ્યા ચાલુ રાખશે. અમને ન્યાય વ્યવસ્થા અને ન્યાયતંત્ર ઉપર પુરેપુરો ભરોસો છે.વિપક્ષને ડરાવવા, ધમકાવવાની કોશિશ, ખોટા કેસ કરવાથી કોંગ્રેસ પક્ષ કે આદરણીય શ્રી રાહુલ ગાંધીજી ડરશે નહિ ભાજપની તાનાશાહી અને લોકતંત્રને હનન કરતી નીતિઓ અંગે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે સત્ય સાથે અહિંસા માર્ગે દેશ માટે લડાઈ લડનાર શ્રી રાહુલજી સાથે સમગ્ર કોંગ્રેસજન ખભેખભા મિલાવીને સંઘર્ષમાં સાથે છે. આદરણીય શ્રી રાહુલ ગાંધી દેશના સળગતા સામાજિક, આર્થિક અને રાજકીય મુદ્દાઓ પર બોલવાનું અને અવાજ ઉઠાવવાનું ચાલુ રાખશે. ભારતમાં લોકતંત્ર ઉપર આક્રમણ થઈ રહ્યું છે અને આપણને તેના રોજ નવા નવા ઉદાહરણ જોવા મળે છે શ્રી રાહુલજીએ પાર્લામેન્ટ હાઉસમાં મીડીયાના રીપોર્ટમાંથી કાઢીને પુરાવા સાથે અદાણીજી અને નરેન્દ્ર મોદીના સંબંધો અંગે વિસ્તૃત વાત કરી હતી અને તેમણે જણાવ્યું હતું કે, આ સંબંધો ઘણો જુનો છે અને શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારનો આ સંબંધ છે અને તે અંગે ઘણાં બધા જાહેર પુરાવા છે. રાહુલજીએ વિમાનમાં આરામદાયક સ્થિતીમાં નરેન્દ્ર મોદી અને તેમના મિત્ર અદાણીજીની ગોષ્ટી કરતી તસ્વીરો સંસદમાં પણ રજુ કરીને સવાલ કર્યો હતો. ત્યાર પછી રાહુલજીના ભાષણના અમુક ભાગ દુર કરવામાં આવ્યાં. રાહુલજી સ્પિકરને મુદ્દાવાર વિસ્તૃત પત્ર લખ્યો હતો જેમાં તેમણે જણાવ્યું હતું કે, નિયમોમાં ફેરફાર કરીને અદાણીને એરપોર્ટસ આપવામાં આવ્યાં છે. રાહુલજીએ નિયમોની નકલ પણ રજુ કરી હતી તેમ છતાં કઈ થયુ નહી.સંસદમાં મંત્રીઓએ શ્રી રાહુલજી વિશે ખોટી વાતો કરવામાં આવી. શ્રી રાહુલજી સામે કરવામાં આવેલા આક્ષેપોનો જવાબ આપવા માટે તેમણે સ્પીકરને લેખિત રજુઆત પણ કરી પરંતુ તેમને સંસદમાં જવાબ આપવાની તક આપવામાં આવી નહી. શ્રી રાહુલજીએ જણાવ્યું કે તેઓ પ્રશ્ન પુછવાનું બંધ નહી કરે. શ્રી નરેન્દ્ર મોદીનો અદાણી સાથે શું સંબંધ છે? ભારતના લોકતંત્ર માટે લડતા રહેશે. ભારત જોડો યાત્રા દરમ્યાન રાહુલજીએ તેમના તમામ ભાષણોમાં એ વાત ઉપર જ ભાર મુક્યો હતો કે, આખો સમાજ એક છે, બધાએ સાથે મળીને રહેવુ જોઈએ, બધા વચ્ચે ભાઈચારાની લાગણી હોવી જોઈએ, નફરત હોવી જોઈએ નહીં અને હિંસાને પણ કોઈપણ સ્થાન નથી. આમ આ સમગ્ર મામલો ઓ.બી.સી.નો નથી, આ મામલો નરેન્દ્ર મોદી અને અદાણી વચ્ચેના સંબંધનો છે. શ્રી રાહુલ ગાંધીજી ૨૦,૦૦૦ કરોડ રૂપિયા અંગે સવાલ પુછી રહ્યાં છે અને તેનો જવાબ માંગી રહ્યું છે.

ભાજપ મુળ મુદ્દાથી ધ્યાન બીજે દોરવા માટે પ્રયત્ન કરે છે અને ક્યારેક ઓ.બી.સી.ની વાત કરે છે, ક્યારેક વિદેશની વાત કરે છે, ક્યાંરેક કઈક જુદીજ વાત કરે છે અને ક્યારેક ગેરલાયકાતની વાત કરે છે. પરંતુ મુળ સવાલ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો છે.

આ નાણાં કોના છે?રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદમાં અખિલ ભારતીય કોંગેસ સમિતિના મંત્રી અને સંગઠન સહપ્રભારીશ્રી રામકિશન ઓઝા, શ્રી વિરેન્દ્રસિંહ રાઠોડ, એઆઈસીસીના સહમંત્રી નીલેષ પટેલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશી, શ્રી હિરેન બેંકર, શ્રી રત્નાબેન વોરા, મહામંત્રીશ્રી નઈમ મિર્ઝા ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. મનિષ દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા
મો. ૯૪૨૬૦૦૧૫૯૯

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4